સુરત મહાનગરપાલિકા,
મુગલીસરા,
સુરત – ૩૯૫ ૦૦૩.

નં.રાઈએક્ટ–૨૦૦૫ સેલ/ ૭૬૨/૯૩
તારીખ: ૨૧–૧–૨૦૦૬.

પ્રતિ,
શ્રી બાબુભાઈ મંગળદાસ શાહ,

નીચે સહી કરનારને ઉદ્દેશીને કરવામાં આવેલી વોર્ડ નં.૮ નોંધ નં.૧૪૧૨–૧૩ માં કરવામાં આવેલ બાંધકામ સબબે વિજીલન્સ રીપોર્ટની માહિતી પુરી પાડવા માટે તા.૨૩–૧૨–૦૫ની આપની અપીલ અરજીથી માંગવામાં આવેલ "આપની બંને અરજીનું વિજીલન્સ ખાતાએ શું કર્યુ "તેની વિગતો સંદર્ભે વિજીલન્સ ખાતાના તપાસ રીપોર્ટની નકલ આ સાથે સામેલ છે.

સહી/-
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

રૂ. ૦૬/— (છ પુરા)
રસીદ નં. ૩૬૪૮૨
તા. ૨૧-૧-૦૬
માહિતી મળેલ છે
21-1-06

સી. જે. ગામીત
ડેપ્યુટી કમિશનર(પ.અને ઈ.)

સુરત મહાનગરપાલિકા,
મુગલીસરા,
સુરત – ૩૯૫ ૦૦૩.

નં.રાઈએક્ટ–૨૦૦૫ સેલ/૨૧૯/૧૦૫
તારીખ:૩૦–૧–૨૦૦૬.

પ્રતિ,
શ્રી નાયબ જીલ્લા વિકાસ અધિકારી,
અને જાહેર માહિતી અધિકારીશ્રી,
જીલ્લા પંચાયત કચેરી,
દરિયા મહેલ,
સુરત.

શ્રીમતી રેણુ નિતિન હિંદુજા ,ઢીબલી ફળિયા ,સુરતનાની તા.૧૩–૧–૨૦૦૬ની મ્યુ.કમિશનરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીને કરવામાં આવેલ અપીલ અરજી નીચે જણાવેલા કારણોસર સ્વીકારવા વિનંતી છે.

અરજદારે અરજીમાં નિર્દિષ્ટ વિસ્તારમાં સમાવિષ્ટ મિલ્કતના મુળ મંજૂર પ્લાનની નકલ માંગેલ છે.સદર વિસ્તાર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થયા પૂર્વે આપના કાર્યક્ષેત્ર હેઠળ હતો.સબબ માંગેલી માહિતી જે તે સમયે આપના વિભાગ/કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ હોવાથી મ્યુ.કમિશનરશ્રી અને એપેલેટ ઓફિસરશ્રીના નિર્ણય અનુસાર તેમની અરજી આગળની કાર્યવાહી માટે આપને તબદીલ કરવામાં આવે છે.

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે અરજદારે જરુરી માહિતી મેળવવા માટેની ફી પેટે રૂ.૨૦/– ભરેલ છે.જે સરકારી તિજોરીમાં જમા કરેલ છે.

ડેપ્યુટી કમિશનર(પ.અને ઈ.),
અને નોડલ ઓફિસર
રાઈટ ટૂ ઈન્ફરમેશન એક્ટ ૨૦૦૫
સુરત મહાનગરપાલિકા.

...:

...એન. હિંદુજા,
...માહિતીને લગતી અરજી આ કચેરીના કાર્યક્ષેત્રમાં આવતી ન હોય તેનું કાર્યક્ષેત્ર ધરાવતા જાહેર માહિતી અધિકારીને તે તબદીલ કરવામાં આવેલ ...માહિતી ... વિનંતી કરવામાં આવે છે.
...ર દર્શાવેલ જાહેર માહિતી અધિકારીશ્રીનો સંપર્ક કરવા આપને વિનંતી કરવામાં આવે છે.

**સુરત મહાનગરપાલિકા,**
મુગલીસરા મેઈનરોડ,
સુરત.

નં.રાઈએક્ટ–૨૦૦૫ સેલ/ ૧૨૦
તારીખઃ ૨૨–૨–૨૦૦૬.

પ્રતિ,
શ્રી કિશોર જે. અગ્રવાલ

<u>વિષય</u> :– રાઈટ ટુ ઈન્ફરમેશન એક્ટ હેઠળ કાર અને ટ્રાવેલીંગ એક્સપેન્સીસ બાબતે માહિતી માંગતી આપની તા.૧૪–૧૨–'૦૫ ની અપીલ અરજી બાબત.
<u>સંદર્ભ</u> :– અત્રેના પત્ર નં.રાઈએક્ટ ૨૦૦૫ સેલ/૫૫, તા.૨૬–૧૨–'૦૫.

ઉપરોક્ત વિષય સંબંધી આપની અરજી અંગે અત્રેથી સંદર્ભિત પત્ર ધ્વારા આપને નિયત નમૂનાના પત્રકમાં જરૂરી વિગત ભરી નિયમ મુજબ અપીલ ફી રૂ.૨૦/– જમા કરાવવા જણાવેલ. પરંતુ તમોએ આજદીન સુધી ફી ભરેલ ન હોય આ માહિતી મેળવવા તમો રસ ધરાવતા નહી હોવાનું ફલિત થતુ હોઈ, આપની સદર અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે જેની નોંધ લેશો.

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા.

સુરત મહાનગરપાલિકા,

UPC

# સુરત મહાનગરપાલિકા

મુગલીસરા મેઈનરોડ,
સુરત.
ફોન નં.૨૪૨૩૭૫૦-૫૬

નં.રાઈએક્ટ-૨૦૦૫ સેલ/
તારીખઃ૧૭-૨-૨૦૦૬.

પ્રતિ,
શ્રી રાહુલ એસ. રાષ્ટ્રપાલ

વિષય :- માહિતી અધિકાર સંદર્ભે માંગેલ માહિતી અધૂરી તેમજ મોડી મોકલવા બાબત.
સંદર્ભ :- આપશ્રીની તા.૧૯-૧૨-૨૦૦૫ની અપીલ અરજી.

ઉપરોક્ત વિષયના સંદર્ભે આપની અરજી અન્વયે માંગેલ માહિતી નીચે મુજબની છે.

(A) અરજદારે માત્ર ઘટનાનું વિવરણ કરેલ છે.માહિતી માંગેલ નથી.તેથી કોઈ માહિતી આપવાની રહેતી નથી.

(B) મૃત્યુ પામેલ કામદાર મહેન્દ્ર બાબુરાવ ગુરવ નાગસેનનગર, પાંડેસરા ખાતે રહેતા હતા. તેઓ ઈજારદાર પ્રહલાદ બી.કંડારેના કામદાર હતા.તેઓ ઈજારદારના કામદાર હોય નોકરીએ ક્યારે રાખ્યા તેની વિગતો મહાનગરપાલિકાના દફતરે ઉપલબ્ધ નથી.

(C) ઈજારદાર મજકૂર ૭૩, દિપાંજલી સોસાયટી, પાલનપુર રોડ, સુરત ખાતે રહે છે. તેમણે એસ.એમ.સી.સાથે કરેલ ટેન્ડરની શરતોની વિગત પાના નંગ-૭ આ સાથે સામેલ છે.

(F) સુરત મહાનગરપાલિકા તરફથી કોઈપણ પ્રકારની આર્થિક સહાય આપવામાં આવેલ નથી. પરંતુ ઈજારદાર તરફથી મૃત્યુ પામેલ કામદારના પત્નીને રૂા.૧.૦૦(એક લાખ) લાખ ની સહાય આપવામાં આવેલ.

(I) કમિશ્નરશ્રી તરફથી જણાવેલ પત્રો ઉપર કોઈ નોંધ લખવામાં આવેલ ન હોઈ, નકલ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

# સુરત મહાનગરપાલિકા

મુગલીસરા મેઈનરોડ,

સુરત.

ફોન નં.૨૪૨૩૭૫૦-૫૬


નં.રાઈએકટ-૨૦૦૫ સેલ/[illegible]/૧૧

તારીખ: ૧૪-૨-૨૦૦૬.

પ્રતિ,

શ્રી એમ.એચ.સચીનવાલા,

**વિષય :-** ૧૯૮૭થી ફરજ મોકુફી હેઠળ ચાલતી ખાતાકીય તપાસ તેમજ તે અન્વયે થયેલ શિક્ષાના કચેરી હુકમ સંદર્ભે થયેલ કાર્યવાહીની માહિતી બાબત.

**સંદર્ભ :-** આપશ્રીની તા.૨૪-૧-૨૦૦૬ની અપીલ અરજી.

ઉપરોકત વિષયના સંદર્ભે આપની અરજી અન્વયે માહિતી મેળવવાના અધિનિયમ-૨૦૦૫ બાબતે ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક વહસ-૨૦૦૫-(૫)-આર.ટી.આઈ.સેલ તા.૧૪-૧૧-૦૫ની જોગવાઈ મુજબ કચેરી/ફાઈલ નોંધની નકલ/માહિતી આપી શકાય તેમ નથી.

કમિશ્નર,

સુરત મહાનગરપાલિકા.

૦૮

નં.રાઈએક્ટ–૨૦૦૫ સેલ/૧૦૯
તારીખ: ૨૭–૧–૨૦૦૬.

પ્રતિ,
ડે.કમિશ્નરશ્રી(હે અને હો.),
અને જાહેર માહિતી અધિકારીશ્રી,
સુરત મહાનગરપાલિકા,
સુરત.

વિષય : શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૭–૧૦–'૦૫ અને ૧૫–૧૧–'૦૫ની અરજી બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, અરજદાર મજકૂરની તા.૧૭–૧૦–૦૫ની અરજી અત્રેથી નં.રાઈ એક્ટ ૨૦૦૫ સેલ/૨, તા.૨૪–૧૦–'૦૫ થી આપશ્રીને મોકલવામાં આવેલ છે. તેમજ અરજદારની તા.૧૫–૧૧–'૦૫ ની અરજી બાબતે તેઓને આપનો સંપર્ક કરી નિયત અરજી ફી તેમજ જણાવવામાં આવે તેટલી દસ્તાવેજ ફી ભરી માહિતી મેળવવાની કાર્યવાહી કરવા અરજદારને અત્રેથી તા.૧૭–૧૧–૦૫ના રોજ પત્ર નં.રાઈએક્ટ–૨૦૦૫ સેલ/૨૪થી જણાવેલ જેની નકલ આપશ્રીને મોકલવામાં આવેલ.તેમજ સરખી બાબત અંગેની તેમની તા.૫–૧–૦૬ની અરજીના અનુસંધાને અત્રેની કચેરીએથી તેમને પાઠવવામાં આવેલ પત્ર નં.રાઈએક્ટ–૨૦૦૫સેલ/૬૮ તા.૯–૧–૦૬ની નકલ પણ આપને ઘટિત કાર્યવાહી અર્થે રવાના કરેલ છે.

દરમ્યાનમાં અરજદાર તરફથી તા.૧૭–૧–૦૬ના રોજ સદર બાબતે રૂા.૬૦/–ની ફી ભરી સમાન વિષયની ત્રણ અલગ અલગ અપીલ અરજીઓ કરવામાં આવેલ છે.રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટની જોગવાઈ મુજબ માહિતી મેળવવાની અરજી સાથે અરજી ફી ભરપાઈ કરવાનો સ્પષ્ટ ઉલ્લેખ છે તેમજ અરજદાર મજકૂરને તે અંગે અવાર નવાર જાણ કરવામાં આવેલ તેમ છતાં તેઓ મારફત અરજી ફી ભરપાઈ કરવામાં આવેલ નથી.જે સંજોગોમાં તેઓએ સમાન વિષયની અપીલ અરજીઓ સાથે ભરેલ અપીલ ફીને નિયત ફી તરીકે ગણીને સમયમર્યાદામાં એક્ટની જોગવાઈ મુજબ અરજદારની ઉપરોક્ત અરજીઓનો નિકાલ કરવા તથા તેની અત્રે જાણ કરવા આદેશાનુસાર જણાવવામાં આવે છે.

ડેપ્યુટી કમિશ્નર(પ.અને ઈ.),
અને નોડલ ઓફિસર
રાઈટ ટુ ઈન્ફરમેશન એક્ટ ૨૦૦૫
સુરત મહાનગરપાલિકા.

નકલ રવાના : પર્સોનલ ઓફિસર અને આસી.માહિતી અધિકારીશ્રી (સેન્ટ્રલ ... જાણ તથા ઘટિત કાર્યવાહી અર્થે.

નકલ રવાના:- શ્રી હેમંત એન. દેસાઈ,

અપીલ અરજી નં.૭. તા.૬-૩-૦૬

અરજદારશ્રી : ફુલચંદ તોલાજી મિસ્ત્રી.

સામાવાળા : કાર્યપાલક ઈજનેર (વરાછાઝોન)

**હુકમ :-**

વિષય :- રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ તા.૨૦-૧૨-૨૦૦૫ ની શ્રી ફુલચંદ તોલાજી મિસ્ત્રીની નવી શકિત વિજય સોસાયટીના પ્લોટ નં.૩/એચ-૧ની સામે તથા પ્લોટ નં. આઈ-૧ની પૂર્વમાં માર્જીનની જગ્યામાં થયેલ બાંધકામની પરવાનગીની નકલ મેળવવાની તેમજ તેમના તા.૨૬-૬-૦૫ થી ૨૩-૧૧-૦૫ દરમ્યાન આવેલ વિવિધ પત્રો બાબતે થયેલ કાર્યવાહીની વિગત માંગતી અરજી અને અપીલ બાબત.

શ્રી ફુલચંદ તોલાજી મિસ્ત્રી બ્લોક નં.૩/એચ-૧, નવી શકિતવિજય સોસાયટી, વરાછા રોડ, સુરતના ની વરાછા ઝોનના જાહેર માહિતી અધિકારીશ્રીને સંબોધીને તા.૨૦-૧૨-'૦૫ના રોજ કરવામાં આવેલ અરજીમાં જણાવ્યા મુજબ નવી શકિતવિજય સોસાયટીના પ્લોટ નં.૩/એચ-૧ની સામે બાંધકામ તથા પ્લોટ નં.આઈ-૧ની પૂર્વમાં માર્જીનની જગ્યામાં થયેલ બાંધકામની પરવાનગી આપ્યાની નકલ તેમજ તેઓ ધ્વારા આ અગાઉ સદર બાબતે કરવામાં આવેલ જૂદી જૂદી તારીખોની અરજીઓ બાબતે શું કાર્યવાહી કરી અને નથી કરી તો તેનું કારણ લેખિતમાં આપવા જણાવેલ. તેના સંદર્ભે પૂર્વ ઝોન વરાછાના કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી ધ્વારા નં.પૂર્વ ઝોન/ટી.ડી./૧૧૨૧, તા.૧૬-૧-'૦૬થી નિયત સમયમર્યાદામાં અરજદારની ફરિયાદમાં જણાવેલ બાંધકામ તેઓના માર્જીનમાં હોવા અંગે કોઈ સ્પષ્ટતા થતી ન હોઈ તેમજ માલિકી અંગે સ્પષ્ટ પૂરવા રજૂ કરેલ ન હોઈ સદરહું ફરિયાદમાં જણાવેલ બાંધકામ દૂર કરી તેઓને કબ્જો આપવાનો પ્રશ્ન રહેતો નથી તેમ જણાવી અરજી દફતરે કરવામાં આવેલ.

જેનાથી નારાજ થઈને અરજદાર મજકુરે તા.૧૫-૨-'૦૬ના રોજ મ્યુ.કમિશ્નરશ્રી અને અપીલ સત્તાધિકારીને અપીલ કરેલ છે. અપીલ અરજીના સંદર્ભે અત્રેથી પત્ર નં.રાઈ એકટ ૨૦૦૫ સેલ/આઉટ/૧૧૯, તા.૨૦-૨-'૦૬થી લાગત જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.કમિશ્નર(જ.)ને સદર બાબતની મૂળ અરજીના સંદર્ભે આપવાપાત્ર રહેતી માહિતી/પૂરક માહિતી તેમજ નહી આપવા માટેનો મત હોય તો તે અંગેના વિગતવાર કારણો સહિત મંગાવવામાં આવેલ. જેના સંદર્ભે વરાછા ઝોન ધ્વારા મોકલવામાં આવેલ વિગતો પત્ર વ્યવહાર વિભાગના પાના નં.૧૫ થી ૪૯ તેમજ અત્રેના પત્ર નં.રાઈ એકટ ૨૦૦૫ સેલ/૧૨૨, તા.૨૭-૨-'૦૬થી પૂરક વિગત મંગાવતો પત્રની સાથે નીચે મુજબની હકીકત ધ્યાને લેવામાં આવેલ.

અરજદાર મજકુર તરફથી તા.૧૮-૧-'૦૬ રોજ સમાન વિષયની કરવામાં આવેલ અરજી તેમજ અરજદારની અગાઉ કરવામાં આવેલ જૂદી જૂદી તારીખોની અરજીના સંદર્ભે વરાછા ઝોનના કાર્યપાલક ઈજનેર તથા મદદનીશ માહિતી અધિકારી ધ્વારા અરજદારને પાઠવેલ પત્ર નં.ટી.ડી.ઓ./આરટીઆઈ/આઉટ/૬, તા.૨૭-૨-'૦૬થી વધુ સ્પષ્ટતા કરી ફરિયાદમાં જણાવેલ સોસાયટીના પ્લાનની આ વિસ્તારનો સમાવેશ સુરત મહાનગરપાલિકામાં થયો તે પહેલા જિલ્લા વિકાસ અધિકારીશ્રી મારફત તા.૮-૪-'૭૫ની મંજુરી/હુકમ નં.૪/ટીપી/એનએ/રજી./૭૪/૭૪-૭૫થી મંજુરી આપેલ. જેમાં લે આઉટમાં પ્લોટ નં.૬ થી ૧૪ ની ઉત્તરે સોસાયટીના રોડને લાગુ પ્લોટ નં.એ થી આઈ સુધીના બાંધકામ મંજુર થયેલ છે. તેમજ આ ગાળા ટાઈપ મકાનો એ થી આઈ સોસાયટીના રોડને લાગુ દર્શાવેલ છે અને દક્ષિણે આવેલ ગાયત્રી સોસાયટી તરફ માર્જીન દર્શાવેલ છે. પરંતુ ઉત્તરે સોસાયટીને લાગુ રોડ તરફ કોઈ માર્જીન દર્શાવેલ નથી. આમ, તેઓના પ્લોટ નં.એચ-૧ની દક્ષિણે માર્જીનમાં કરવામાં આવેલ પાર્કીંગ ગેરેજના બાંધકામ બાબતે અરજદારની ફરિયાદમાં કોઈ વજૂદ જણાતુ ન હોઈ તેમ જણાવીને અરજી દફતરે કરવામાં આવેલ છે.

જે અંગે અરજદારની તા.૧૫-૨-૦૬ તેમજ તા.૬-૩-૦૬ના રોજની અપીલ અરજીના અનુસંધાને ડે.કમિશ્નરશ્રી (જન)ને પત્ર નં.આરઆઈએક્ટ સેલ ૧૪૪ તા.૭-૪-૦૬થી આનુસાંગિક વિગતો મોકલી આપવા જણાવેલ.દરમ્યાન અરજદારને એપેલેટ ફોરમમાં ડે.કમિશ્નર(પઅને ઈ) સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી રજૂઆત કરવાની તક આપવામાં આવેલ.જેના અનુસંધાને અરજદાર દ્વારા તેમના વકીલશ્રી અતુલ એમ. મહેતા સાથે ઉપસ્થિત રહી તા.૫-૮-૨૦૦૬ના રોજ રજૂઆત કરેલ કે જો બાંધકામ કાયદેસરનું હોય તો તેની માહિતી તેઓને મળે અને ગેરકાયદેસર હોય તો તે દૂર કરવામાં આવે.વધુમાં તેમને આ અંગે ૪-૯-૦૬ના પત્રથી લેખિત રજુઆત પણ કરેલ.જે અનુસાર પ્રશ્ન હેઠળની મિલકતમાં અરજદારના સામાવાળાએ શરુઆતની ૩ ૧/૨ ફૂટમાંથી ૫ ફુટની દિવાલ કરી અને પછી તેની ઉપર પાકો રૂમ બાંધી દીધેલ.

તમામ હકીકતો ,ખાતાએ રજૂ કરેલ કાગળો તેમજ અરજદારની રૂબરૂ રજૂઆત વિગેરે બાબતો ધ્યાને લેતાં કાર્યપાલક ઈજનેર દ્વારા અરજદારે માંગેલ પ્રશ્ન હેઠળની મિલકતના બાંધકામ અંગે સામાવાળાના પ્લાન,મંજૂરીની નકલો પુરી પાડેલ નથી કે ફાઈલમાં અત્રે રજુ કરેલ નથી.કે તે અંગે થયેલ બાંધકામ નિયમબધ્ધ હોવા અંગેના કોઈ સમર્થન અરજદારને કે અત્રે રજુ નહી કરેલ હોવાની હકીકત ધ્યાને લઈ આ બાબતે નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"કાર્યપાલક ઈજનેર દ્વારા તા.૧-૮-૨૦૦૬ના રોજ અરજદારને પાઠવવામાં આવેલ આરટીઆઈ /૬માં નિર્દિષ્ટ કર્યા અનુસાર તેમની સમક્ષ રજૂ થયેલ પ્રશ્ન હેઠળની મિલકતના જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા મંજૂર થયેલ પ્લાનના અનુસંધાને ત્યારપછી પ્રશ્ન હેઠળની મિલકતના બાંધકામ અંગે સક્ષમ સત્તા દ્વારા કોઈ પ્લાન મંજૂરી કે બાંધકામ નિયમબધ્ધ હોવાની મંજૂરી આપેલ ન હોય એ સંજોગોમાં સદરહુ મિલકત સહિતનો વિસ્તાર સુરત મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થયેલ તે સમયે મહાનગરપાલિકાએ આ વિસ્તારના મેળવેલ કબ્જા સમયે આ મિલકતની જે સ્થિતિ હતી તે સ્થિતિ જાળવી રાખવા કાર્યવાહી કરવા કાર્યપાલક ઈજનેર (વરાછાઝોન)ને જણાવવામાં આવે છે."

<u>મૂળપ્રત પર કમિશ્નરશ્રીની સહી છે</u>

સહી/-પંકજ જોષી
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/ ૩૫૧
તારીખ:૧૪-૧૧-૨૦૦૬.

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, વરાછ...

(૨) શ્રી ફુલચંદ તોલાજી મિસ્ત્રી, ...
....... તેઓની અપીલ અરજીના સંદર્ભે ઉપરની વિગતેના હુકમ દ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂં.

ડે.કમિશ્નર(પઅને ઈ)
સુરત મહાનગરપાલિકા.

સુરત મહાનગરપાલિકા,
મુગલીસરા મેઈનરોડ,
સુરત.

નં.રાઈએકટ–૨૦૦૫ સેલ/૨૧૦૮/૧૨૮
તારીખ: ૯–૩–૨૦૦૬.

પ્રતિ,
શ્રી ત્રિકમભાઈ રામજીભાઈ સોલંકી,

<u>વિષય</u> :– રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ હેઠળ ભરતનગર હાઉસીંગ સોસાયટી, પ્લોટ નં.૨૮ ટેના.નં.૨૭એફ–૦૧–૮૩૭૧–૦–૦૦૧ની મિલ્કતના વેચાણ દસ્તાવેજ/ કરારનામાની નકલ પૂરી પાડવા બાબત.
<u>સંદર્ભ</u> :– આપની તા.૨૧–૨–'૦૬ની અપીલ અરજી.

ઉપરોકત વિષયના સંદર્ભે આપની અરજી અન્વયે સદર મિલ્કતના હાલના કબ્જેદારોએ દસ્તાવેજની માહિતી આપવા સંબંધે વાંધો લીધેલ છે. વધુમાં આવા સંજોગોમાં RTI Act ની કલમ –૮ (૧) (જે) અન્વયે જો વ્યાપક જાહેર હિત સંકળાયેલ હોય તેવું અપીલ અરજદાર પ્રતિપાદિત કરી શકે તોજ તેવી માહિતી આપવાની જોગવાઈ છે. આપ આપની અપીલના આધારોથી તેવું પ્રતિપાદિત કરી શકેલ ન હોઈ કબ્જેદારનો વાંધો ધ્યાને લેતાં, સદર કાયદાની જોગવાઈ અનુસાર માહિતી પૂરી પાડી શકાય તેમ નથી જે જાણશો.

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા.

(૨૪)

SMC


ડો. આઈ. સી. પટેલ
એમ. ડી., ડી. પી. એચ.
ડેપ્યુટી કમિશ્નર
(હેલ્થ અને હોસ્પીટલ)



સુરત મહાનગરપાલિકા
મુગલીસરા, સુરત-૩૯૫ ૦૦૩.


નં.પીએચડી/ ખો/ ૬૯૦
જાહેર આરોગ્ય ખાતું
સુરત.
તારીખ :- ૨૦-૬-૨૦૦૬

પ્રતિ,
શ્રી આશિષકુમાર ગટુભાઈ નાયક,

**વિષય:- રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ-૨૦૦૫ અન્વયે તમારી તા.૧૮-૨-૨૦૦૬ ની અરજી સંદર્ભે**

ઉપરોક્ત વિષય અનુસંધાને તમારી મળેલ અરજી બાબતે જણાવવાનું કે, તમો સુરત મહાનગરપાલિકાના વાહક જનીત રોગ નિયંત્રણ વિભાગમાં પ્રાયમરી હેલ્થ વર્કર તરીકે હાલમાં ફરજ બજાવો છો. તમોએ ઉકત એકટ અન્વયે મે.કમિશનરશ્રીને ઉદ્દેશીને અરજી કરેલ હોય, તમોએ મે.કમિશનરશ્રીનાં પરિપત્ર નં. જીએડી/ઈએસટી/૨૦૮૬, તા.૧૪-૭-૮૭ નો ભંગ કરેલ છે. મે.કમિશનરશ્રીના આ પરિપત્રથી "કર્મચારીઓ કોઈ પણ રજુઆત તેના ખાતાધિકારીશ્રી મારફત જ કરવી, જે તે સુચનાઓનો ભંગ થશે તો તેવા કર્મચારી સામે શિસ્ત વિરુધ્ધના વર્તન બદલ જે તે ખાતાના વડા દ્વારા પગલા લેવામાં આવશે." તેવી સ્પષ્ટ સ્થાયી સુચના પરિપત્રિત કરવામાં આવેલ છે. તે મુજબ તમારે તમારી રજુઆત તમારા ખાતાના વડાને કરવાની રહે છે.

સળંગ કોર્ષમાં અભ્યાસ કરતાં હોય એવા કર્મચારી વચગાળામાં જો રજાઓ/વેકેશન વિગેરે આવે તો તે દરમયન ફરજ પર હાજર થઈ શકે કે કેમ ? તે બાબતે પર્સોનલ ઓફિસર(મહેકમ)નાં તા.૨૪-૫-૦૬ નાં રીપોર્ટમાં જણાવ્યા અનુસાર આસી.કમિશનરશ્રી(પ. અને ઈ.)ની નોંધ નં. જીએડી/ઈએસટી/૫૯૫, તા.૨૦-૫-૦૪ અન્વયે સેનેટરી ઈન્સપેકટરના એક વર્ષના કોર્ષમાં સામેલ થનાર કર્મચારીની જે તે કોર્ષના સમયગાળાને ધ્યાને લઈ સળંગ રજા મંજુર કરવાની રહે છે. જે આપને જાણ થાય.

ડેપ્યુટી કમિશ્નર (હેલ્થ અને હોસ્પિટલ)
સુરત મહાનગરપાલિકા.


ફેક્ષ : ૦૨૬૧ - ૨૪૨૨૧૫૫ : ટેલીફોન ઓફિસ : ૨૪૨૧૩૪૧ / ૨૪૨૩૭૫૧ થી ૨૪૨૩૭૫૬


નકલ સ.રવાના :- આસી.નોડલ ઓફિસર, (રાઈટ ટુ ઈન્ફોરમેશન એકટ સેલ) પ્રતિ.......જાણ માટે.

recived by my father at home at 12:35 PM on 23/06/06 & then by me at 4:30 PM on 23/06/06

નકલ ફી રૂ. : ૨/-
મુકાબલ ફી રૂ. : ૦/૫૫
પેપર ફી રૂ. : ૦/૫૫
કુલ રૂ. : ૩/૦૦

સેકશન ઓફીસર (રે...)
સુરત મહાનગરપાલિ...

**ડો. આઈ. સી. પટેલ**
એમ. ડી., ડી. પી. એચ.
ડેપ્યુટી કમિશ્નર
(હેલ્થ અને હોસ્પીટલ)

સુરત મહાનગરપાલિકા
મુગલીસરા, સુરત–૩૯૫ ૦૦૩.

નં.પીએચડી/આરઓ/ ૬૯૧
જાહેર આરોગ્ય ખાતું
સુરત.
તારીખ :–૨૦–૬–૨૦૦૬

પ્રતિ,
શ્રી જયેશ હસમુખભાઈ નાયક,

વિષયઃ– **રાઈટ ટુ ઈન્ફરમેશન એક્ટ–૨૦૦૫ અન્વયે તમારી તા.૧૮–૨–૨૦૦૬ ની અરજી સંદર્ભે**

ઉપરોક્ત વિષય અનુસંધાને તમારી મળેલ અરજી બાબતે જણાવવાનું કે, તમો સુરત મહાનગરપાલિકાના વાહક જનીત રોગ નિયંત્રણ વિભાગમાં પ્રાયમરી હેલ્થ વર્કર તરીકે હાલમાં ફરજ બજાવો છો. તમોએ ઉક્ત એકટ અન્વયે મે.કમિશ્નરશ્રીને ઉદ્દેશીને અરજી કરેલ હોય, તમોએ મે.કમિશ્નરશ્રીનાં પરિપત્ર નં. જીએડી/ઈએસટી/૨૦૮૬, તા.૧૪–૭–૮૭ નો ભંગ કરેલ છે. મે.કમિશ્નરશ્રીના આ પરિપત્રથી "કર્મચારીઓ કોઈ પણ રજુઆત તેના ખાતાધિકારીશ્રી મારફત જ કરવી, જે તે સુચનાઓનો ભંગ થશે તો તેવા કર્મચારી સામે શિસ્ત વિરૂધ્ધના વર્તન બદલ જે તે ખાતાના વડા દ્વારા પગલા લેવામાં આવશે." તેવી સ્પષ્ટ સ્થાયી સુચના પરિપત્રિત કરવામાં આવેલ છે. તે મુજબ તમારે તમારી રજુઆત તમારા ખાતાના વડાને કરવાની રહે છે.

સળંગ કોર્ષમાં અભ્યાસ કરતાં હોય એવા કર્મચારી વચગાળામાં જો રજાઓ/વેકેશન વિગેરે આવે તો તે દરમયન ફરજ પર હાજર થઈ શકે કે કેમ ? તે બાબતે પર્સોનલ ઓફિસર(મહેકમ)નાં તા.૨૪–૫–૦૬ નાં રીપોર્ટમાં જણાવ્યા અનુસાર આસી.કમિશ્નરશ્રી(પ. અને ઈ.)ની નોંધ નં. જીએડી/ઈએસટી/૫૯૫, તા.૨૦–૫–૦૪ અન્વયે સેનેટરી ઈન્સપેકટરના એક વર્ષના કોર્ષમાં સામેલ થનાર કર્મચારીની જે તે કોર્ષના સમયગાળાને ધ્યાને લઈ સળંગ રજા મંજુર કરવાની રહે છે. જે આપને જાણ થાય.

ડેપ્યુટી કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ)
સુરત મહાનગરપાલિકા.

ફેક્ષ : ૦૨૬૧ – ૨૪૨૨૧૫૫ : ટેલીફોન ઓફિસ : ૨૪૨૧૩૪૧ / ૨૪૨૩૭૫૧ થી ૨૪૨૩૭૫૬

નકલ સ.રવાના :– આસી.નોડલ ઓફિસર, (રાઈટ ટુ ઈન્ફોરમેશન એકટ સેલ) પ્રતિ.......જાણ માટે.

ડો. આઈ. સી. પટેલ
એમ. ડી., ડી. પી. એચ.
ડેપ્યુટી કમિશનર
( હેલ્થ અને હોસ્પીટલ )

સુરત મહાનગરપાલિકા
મુગલીસરા, સુરત–૩૯૫ ૦૦૩

V.B.D.C.D. PHD/T.O./Out No. ૨૪૩
Surat Municipal Corporation.
Dt. : ૮-૬-૦૬

પ્રતિ,
શ્રી પંકજ એન.પટેલ,

વિષયઃ– કોમ્પ્યુટર એલાઉન્સ ફાળવવા બાબત
સંદર્ભઃ–(૧) તમારી તા.૧–૪–૦૫ ની અરજી
(૨) રાઈટ ટુ ઈન્ફોરમેશન એકટ ૨૦૦૫ અન્વયે તમારી તા.૭–૩–૦૬ ની તથા તા.૧૩–૪–૦૬ ની અપીલ અરજી.

ઉપરોકત વિષય બાબતે જણાવવાનું કે, તમારી ઉકત અરજીઓના સંદર્ભે સેન્ટ્રલ મહેકમ વિભાગનાં ડેપ્યુટી કમિશનરશ્રી(પ. અને ઈ.)ના તા.૨૭–૩–૦૬ નાં પત્રથી જણાવેલ છે કે, સુરત મહાનગરપાલિકામાં સા. સ. ઠ. નં. ૨૭૯, તા.૩૦–૧૦–૯૩ થી મંજુર થયા મુજબ ટર્મીનલ ઓપરેટીંગ એલાઉન્સ રૂા.૧૫૦–૦૦ પ્રમાણે કુલ ૬૯ કર્મચારીઓને આપવા ઠરાવમાં જોગવાઈ થયેલ હતી. પરંતુ જુદા જુદા ખાતા/ઝોન થઈને કોમ્પ્યુટરની સંખ્યામાં વધારો થયેલ હોય, તેમજ સુરત મહાનગરપાલિકાની કારકુન કેડરના નકકી કરેલ લાયકાતમાં પણ હવે કોમ્પ્યુટરની જાણકારીનો એક વર્ષનો અનુભવ તેમજ કોમ્પ્યુટર ઉપર ગુજરાતીમાં. ૩૦ શ.ઝ. પ્રતિ મિનીટથી ટાઈપ કરતા આવડવું જોઈએ, જેવી લાયકાતોનો સમાવેશ કરેલ હોય, આ બાબતે ટર્મીનલ ઓપરેટીંગ એલાઉન્સ રૂા.૧૫૦–૦૦ ચાલુ રાખવું કે કેમ ? તે બાબતે નિર્ણય લેવા અંગે ડેપ્યુટી કમિશનરશ્રી(જનરલ) મારફતે સુપરવાઈઝર( I.S.D.) વિભાગને જણાવેલ છે.

વધુમાં સેન્ટ્રલ મહેકમનાં પત્રથી વિદિત થઈ તમોને ખાતા દ્વારા કે મધ્યસ્થ મહેકમ વિભાગ દ્વારા કોમ્પ્યુટર કામગીરી કરાવવાનો કોઈ આદેશ થયેલ નથી. પરંતુ ખાતા દ્વારા આંતરીક વ્યવસ્થાના ભાગરૂપે તમો કર્મચારીને વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગની કામગીરીને લગતા રીપોર્ટસ વિગેરે માટે કોમ્પ્યુટરની કામગીરી સોંપાયેલ હોવાનું જણાય છે. સેન્ટ્રલ મહેકમનાં સદર રીપોર્ટમાં જણાવ્યા મુજબ કોમ્પ્યુટર કામગીરી પુર્ણ સમયને માટે પ્રાઈમરી હેલ્થ વર્કરે કરવી, તેવા કોઈ કચેરી હુકમ થયેલ નથી. જેથી મહેકમના સદર પત્રને આધિન તમોને કોમ્પ્યુટર એલાઉન્સ હાલ ફાળવી શકાય તેમ નથી. જેની જાણ લેશો.

ડેપ્યુટી કમિશનર(હેલ્થ અને હોસ્પિટલ)
સુરત મહાનગરપાલિકા.

ફેક્સ: ૦૨૬૧ – ૨૪૨૨૧૫૫ : ટેલીફોન ઓફિસ : ૨૪૨૧૩૪૧ / ૨૪૨૩૭૫૧ થી ૨૪૨૩૭૫૬

ઝેરોક્ષ સ. નકલ રવાના. જાહેર માહિતી અધિકારી (રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ ૨૦૦૫)

નં.આરટીઆઈ સેલ/૨૨૬
તારીખ:૨૨-૭-૨૦૦૬.

પ્રતિ,
શ્રી દિપકભાઈ રણછોડભાઈ પટેલ
[redacted]

વિષય : રાઈટ ટુ ઈન્ફરમેશન એક્ટ હેઠળ માન્ય ખાનગી પ્રા.શાળામાં થયેલ મુખ્ય શિક્ષકોની નિમણુંક તેમના નામ,લાયકાત,નિમણુંક તારીખ, ફરજોને લાગતી શાળાવાર માહિતી વર્ષ ૨૦૦૫-૦૬ સુધીની માહિતી બાબત.

સંદર્ભ : આપની તા.૨૨-૫-૨૦૦૬ની અપીલ અરજી બાબત.

ઉપરોક્ત વિષય સબંધી સંદર્ભમાં જણાવેલ આપના પત્રથી કરવામાં આવેલ અપીલ માટેની રજૂઆત અંગે શાસનાધિકારીશ્રીના પત્ર નં.જાવક/૧૬૭૮, તા.૧૩-૭-'૦૬ મુજબ આપશ્રીની માહિતી માંગતી તા.૨૭-૧-'૦૬ની મૂળ અરજી જિલ્લા શિક્ષણ અધિકારી, સુરતને તબદિલ કરીને તેની જાણ તમોને કરવામાં આવેલ હોય(નકલ સામેલ)તમારી સંદર્ભમાં જણાવેલ અપીલ અરજી અંગે હવે અત્રેથી કશું કરવાનું રહેતુ નથી,જેથી આ અંગે જરૂર જણાયે સદર કચેરીનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

સહી/-
કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/ ૨૨૮
તારીખ: ૨૧-૭-૨૦૦૬.

પ્રતિ,
શ્રી દિપકભાઈ રણછોડભાઈ પટેલ

વિષય : રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ હેઠળ મુંબઈ પ્રા.શિક્ષણ અધિનિયમ મુજબ માન્ય ખાનગી પ્રા.શાળાને લગતા નિયમો, પરિપત્રો, કાર્યવાહીના જાણના પત્રોની માહિતી બાબત.

સંદર્ભ : આપની તા.૨૨-૫-૨૦૦૬ની અપીલ અરજી બાબત.

ઉપરોકત વિષય સબંધી સંદર્ભમાં જણાવેલ આપના પત્રથી કરવામાં આવેલ અપીલ માટેની રજૂઆત અંગે શાસનાધિકારીશ્રીના પત્ર નં.જાવક/૧૬૭૯, તા.૧૩-૭-'૦૬ મુજબ આપશ્રીની માહિતી માંગતી તા.૩૧-૧-'૦૬ની મૂળ અરજી જિલ્લા શિક્ષણ અધિકારી, સુરતને તબદિલ કરીને તેની જાણ તમોને કરવામાં આવેલ હોય(નકલ સામેલ)તમારી સંદર્ભમાં જણાવેલ અપીલ અરજી અંગે હવે અત્રેથી કશું કરવાનું રહેતુ નથી.જેથી આ અંગે જરૂર જણાયે સદર કચેરીનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે."

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/ ૨૨૭
તારીખ૨૨-૭-૨૦૦૬.

પ્રતિ,
શ્રી દિપકભાઈ રણછોડભાઈ પટેલ

વિષય : રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ હેઠળ મુંબઈ પ્રા.શિક્ષણ અધિનિયમ મુજબ માન્ય ખાનગી પ્રા.શાળાના શિક્ષકોની નિમણુંક તેઓના પગાર, પી.એફ. તેમજ મુંબઈ પ્રા.શિ. અધિનિયમો શીડયુલ એફ. નો અમલ કરાવવા બાબત.
સંદર્ભ : આપની તા.૨૨-૫-૨૦૦૬ની અપીલ અરજી બાબત.

ઉપરોકત વિષય સબંધી સંદર્ભમાં જણાવેલ આપના પત્રથી કરવામાં આવેલ અપીલ માટેની રજૂઆત અંગે શાસનાધિકારીશ્રીના પત્ર નં.જાવક/૧૬૭૭, તા.૧૩-૭-'૦૬ મુજબ આપશ્રીની માહિતી માંગતી તા.૧૨-૧૨-'૦૫ની મૂળ અરજી જિલ્લા શિક્ષણ અધિકારી, સુરતને તબદિલ કરીને તેની જાણ તમોને કરવામાં આવેલ હોય (નકલ સામેલ)તમારી સંદર્ભમાં જણાવેલ અપીલ અરજી અંગે હવે અત્રેથી કશું કરવાનું રહેતુ નથી, જેથી આ અંગે જરૂર જણાયે સદર કચેરીનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

સી. જે. ગામીત
ડેપ્યુટી કમિશ્નર(પ.અને ઈ.)

સુરત મહાનગરપાલિકા,
મુગલીસરા,
સુરત – ૩૯૫ ૦૦૩.

નં.આરઆઈએકટસેલ/૧૭૬
તારીખ: ૨૦-૫-૨૦૦૬.

પ્રતિ,
ડે.કમિશ્નરશ્રી ( હે અને હો),
અનેજાહેર માહિતી અધિકારીશ્રી,
સુરત મહાનગરપાલિકા,
સુરત.

<u>વિષય</u> : રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી ભીખાભાઈ ગાંડાભાઈ ગજ્જરની સફાઈ કામદારો અંગેની માહિતીની અરજીનો નિકાલ બાબત.

શ્રી ભીખાભાઈ ગાંડાભાઈ ગજ્જર તરફથી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ તા.૮-૩-૨૦૦૬ના રોજ સફાઈકામદારોનું મંજૂર કરેલ મહેકમ,ખાલી જગ્યા,અને અન્ય વિગતો બાબત સને.૨૦૦૦ થી ૨૦૦૫ સુધીની માહિતી પુરી પાડવા જણાવેલ.અરજદારની સદર અરજી અત્રેથી રાઈએકટસેલ/૧૭૦થી આપના વિભાગમાં મોકલવામાં આવેલ..તે સમયે અરજદાર દ્વારા ગરીબી રેખા નીચે આવતા હોવાનો પુરાવો સામેલ કરેલ. જે અંગેની જાણ લાગત જાહેર માહિતી અધિકારી ડે.કમિશ્નરશ્રી (હે અને હો )તેમજ આસી.કમિશ્નરશ્રી પ્રતિ રવાના કરવામાં આવેલ મુળ અરજીના પત્રથી જાણ કરવામાં આવેલ.

વધુમાં માહિતી મેળવવાના અધિકાર અધિનિયમની કલમ-૭(૫) તેમજ તેના સંદર્ભે ગુજરાત માહિતી મેળવવાના અધિકારના નિયમોના નિયમ-૩ અન્વયે ગરીબી રેખા હેઠળ આવતા અરજદારો દ્વારા સદર એકટ હેઠળ કરવામાં આવતી અરજીની માહિતી કોઈપણ જાતની ફી લીધા વગર પુરી પાડવાની જોગવાઈ કરવામાં આવેલ છે.જે ધ્યાને લઈ અરજદાર મજકુરને તેઓની અરજીના સંદર્ભે તાકીદે માહિતી પુરી પાડવા તેમજ તે અંગેની જાણ અત્રે કરવા વિનંતી.

ડેપ્યુટી કમિશ્નર(પ.અને ઈ.),
અને નોડલ ઓફિસર
રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ ૨૦૦૫
સુરત મહાનગરપાલિકા.

નકલ રવાના:- શ્રી ભીખાભાઈ ગાંડાભાઈ ગજ્જર
...ાં
...[illegible]..

સી. જે. ગામીત
ડેપ્યુટી કમિશનર(પ.અને ઈ.)

સુરત મહાનગરપાલિકા,
મુગલીસરા,
સુરત – ૩૯૫ ૦૦૩.

નં.આરઆઈએકટસેલ/ ૯૧૬
તારીખ: ૨૦–૫–૨૦૦૬.

પ્રતિ,
આસી.કમિશ્નરશ્રી,
અનેજાહેર માહિતી અધિકારીશ્રી,
સુરત મહાનગરપાલિકા,
સુરત.

વિષય : રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી ભીખાભાઈ આંડાભાઈ ગજ્જરની સફાઈ કામદારો અંગેની માહિતીની અરજીનો નિકાલ બાબત.

શ્રી ભીખાભાઈ આંડાભાઈ ગજ્જર તરફથી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ તા.૮–૩–૨૦૦૬ના રોજ સફાઈકામદારોનું મંજૂર કરેલ મહેકમ,ખાલી જગ્યા,અને અન્ય વિગતો બાબત સને.૨૦૦૦ થી ૨૦૦૫ સુધીની માહિતી પુરી પાડવા જણાવેલ.અરજદારની સદર અરજી અત્રેથી રાઈએકટસેલ/૧૭૦/૧થી આપના વિભાગમાં મોકલવામાં આવેલ..તે સમયે અરજદાર દ્વારા ગરીબી રેખા નીચે આવતા હોવાનો પુરાવો સામેલ કરેલ. જે અંગેની જાણ લાગત જાહેર માહિતી અધિકારી ડે.કમિશ્નરશ્રી (હે અને હો )તેમજ આસી.કમિશ્નરશ્રી પ્રતિ રવાના કરવામાં આવેલ મુળ.અરજીના પત્રથી જાણ કરવામાં આવેલ.

વધુમાં માહિતી મેળવવાના અધિકાર અધિનિયમની કલમ–૭(૫) તેમજ તેના સંદર્ભે ગુજરાત માહિતી મેળવવાના અધિકારના નિયમોના નિયમ–૩ અન્વયે ગરીબી રેખા હેઠળ આવતા અરજદારો દ્વારા સદર એકટ હેઠળ કરવામાં આવતી અરજીની માહિતી કોઈપણ જાતની ફી લીધા વગર પુરી પાડવાની જોગવાઈ કરવામાં આવેલ છે.જે ધ્યાને લઈ અરજદાર મજકુરને તેઓની અરજીના સંદર્ભે તાકીદે માહિતી પુરી પાડવા તેમજ તે અંગેની જાણ અત્રે કરવા વિનંતી.

ડેપ્યુટી કમિશનર(પ.અને ઈ.),
અને નોડલ ઓફિસર
રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ ૨૦૦૫
સુરત મહાનગરપાલિકા.

નકલ રવાના:- શ્રી ભીખાભાઈ આંડાભાઈ ગજ્જર

**જે. ગામીત**
ડેપ્યુટી કમિશનર(પ.અને ઈ.)

સુરત મહાનગરપાલિકા,
મુગલીસરા,
સુરત – ૩૯૫ ૦૦૩.

નં.આરટીઆઈસેલ/ ૨૯૨
તારીખ: ૧૪-૯-૨૦૦૬.

પ્રતિ,
એડીશનલ સીટી ઈજનેરશ્રી,
અને જાહેર માહિતી અધિકારીશ્રી,
**સુરત મહાનગરપાલિકા,**
**સુરત.**

**વિષય :** રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી પ્રશાંતભાઈ ભગવાનદાસ ઓકની ગંગાનગર **સોસાયટી પ્લોટ નં.૧૪૨/૧૪૩,ની સંપૂર્ણ** વિગત અંગેની અરજીના નિકાલ બાબત.
સંદર્ભ : તા.૨૩-૫-૦૬ના રોજ શ્રી પ્રશાંતભાઈ ભગવાનદાસ ઓક તરફથી કરવામાં અપીલ **અરજી.**

**શ્રી પ્રશાંતભાઈ** ભગવાનદાસ ઓક તરફથી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ તા. ૨૬-૪-૨૦૦૬ના રોજ તેઓની ગંગાનગર સોસાયટી પ્લોટ નં.૧૪૨/૧૪૩,ની સંપૂર્ણ વિગત અંગેની અરજીના નિકાલ બાબત માહિતી પુરી પાડવા જણાવેલ. અરજદાર મજકુરની સદર અરજી બાબતે **આપના ધ્વારા કોઈ જ નિર્ણય ન લેવાથી** નારાજ થઈ કમિશનર અને એપેલેટ ઓફિસરશ્રીને અપીલ **કરવામાં આવેલ.**

સદર અપીલ સંદર્ભે એપેલેટ ઓફિસર અને મ્યુ.કમિશનરશ્રી દ્વારા અરજદાર મજકુરને સર્વે નં.૧૭૯/૨ વત્તા ૩ જહાંગીરાબાદના પ્લોટીંગમાં પ્લોટ નં.૧૪૨–૧૪૩ની સંપૂર્ણ વિગત તથા અગાઉ પ્લોટ નં.૧૪૨–૧૪૩માં તેઓનું નામ હતું તે કેવી રીતે કમી થયું તેની તમામ વિગતો આપવા અંગેનો નિર્ણય તા.૧૨–૯–૦૬ના રોજ લેવામાં આવેલ છે. (નકલ સામેલ છે.)જેથી સદર વિગતો અરજદાર મજકુરને કમિશનરશ્રીની કક્ષાએથી પરબારે પહોંચાડી તેની નકલ અત્રે મોકલવા વિનંતી.

ડેપ્યુટી કમિશનર(પ.અને ઈ.),
અને અપીલ ઓફિસર
રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ ૨૦૦૫
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈસેલ/૧૯૯
તા. ૧૪-૬-૨૦૦૬

પ્રતિ,

શ્રી કમલેશ નિઝામભાઈ [illegible]ડીયા,

,

વિષય : રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ હેઠળ યુનિયનના વાર્ષિક લવાજમની પગારમાંથી કરવામાં આવતી કપાતઅંગે માંગવામાં આવેલી માહિતી બાબત

સંદર્ભ : આપશ્રીની તા.૧૧-૫-૦૬ની અપીલ અરજી.

ઉપરોક્ત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે આપના દ્વારા તા.૧૫-૪-૨૦૦૬ના પત્રથી માંગવામાં આવેલ વધારાની માહિતી ડે.કમિશનર(જી.એ.ડી.) ના પત્ર નં.જીએડી/ઈએસટી/પી/૩૮૫ તા.૧૬-૫-૨૦૦૬થી આપને પુરી પાડવામાં આવેલ છે.સંદર્ભ અર્થે જેની નકલ સામેલ છે.જેથી આપની અપીલ અરજી અંગે હવે કશું કરવાનું રહેતું નથી જે જાણશો.

કમિશનર,
સુરત મહાનગર પાલિકા.

અપીલ નં. ૧૮ તા.૩૧–૫–૦૬.

અરજદારશ્રી વિજયભાઈ એન.શેણમારે.
સામાવાળા : ચીફ ફાયર ઓફિસર(વોચ એન્ડ વોર્ડ)

**હુકમ :–**

વિષય :– રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ મુજબ શ્રી વિજય શેણમારેની ખાનગી સીક્યુરીટી એજન્સીઓને લગતી તા.૭–૩–૨૦૦૬ની અરજી અંગેની અપીલ બાબત.

ઉપરોકત વિષયના સંદર્ભમાં અરજદાર મજકુરની સુરત મહાનગરપાલિકા દ્વારા આપેલ ખાનગી સીકયુરીટીના કોન્ટ્રાકટ અંગે માંગેલ વિવિધ વિગતો,મજુર લાયસન્સ તેમજ તેના પાલન અને પગાર ચુકવણી બાબબતે માંગેલ વિવિધ માહિતી ને લગતી અરજી અંગે ચીફ ફાયર ઓફિસર ધ્વારા પત્ર નં.૨૫, તા.૧૦–૪–'૦૬થી માહિતી પુરી પાડવામાં આવેલ. જે અધુરી–ગેરમાર્ગે દોરનારી તેમજ ખોટી હોવાથી અરજદારે મ્યુ.કમિશ્નરશ્રીને અપીલ અરજી કરેલ. જે સંદર્ભે અરજદાર શ્રી વિજયભાઈ શેણમારેને તેઓની અપીલ સંદર્ભે તા.૧૯–૧૦–'૦૬ના રોજ કમિશ્નરશ્રી સમક્ષ રૂબરૂ રજુઆતની તક આપવામાં આવેલ જે દરમ્યાન લાગત મદદનીશ જાહેર માહિતી અધિકારી અને ચીફ ફાયર ઓફિસરશ્રીને પણ હાજર રહી તેમનો મત રજુ કરેલ.શ્રી શેણમારેએ સુનાવણી દરમ્યાન રજુ કરેલ કામદાર રાજય વીમા નિગમના ડે.ડાયરેકટરના તા.૨૪–૦૫–૨૦૦૬ના પત્રની નકલ રજુ કરી ચીફ ફાયર ઓફિસર દ્વારા તા.૧૦–૦૪–૦૬ના રોજ પુરી પાડેલ કરારીય એજન્સીના સ્ટાફ અંગે મજુર કાયદાના પાલનની માહિતી વિરોધાભાસી હોવાનું જણાવેલ તેમજ કરારીય ધોરણે ની હાલ એજન્સી પૈકી સુનિતા સર્વિસ દ્વારા આંશિક તેમજ બાકીની બે એજન્સી લકી અને નેશનલ દ્વારા બિલકુલ પાલન નહી કરેલ હોવાની રજુઆત કરેલ.ચીફ ફાયર ઓફિસર દ્વારા આ અંગે પછીથી એજન્સી દ્વારા પાલન કરેલ હોવાનો બચાવ રજુ કરેલ.તમામ હકીકત ધ્યાને લઈ આ અંગે નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"ચીફ ફાયર ઓફિસરને ઠપકો આપવાનો હુકમ કરું છું તેમજ પ્રશ્ન હેઠળના કિસ્સામાં મજુર કાયદાને આનુસાંગિક બાકી ઘટિત પૂર્તતા કરવા તકેદારી લેવા જણાવવામાં આવે છે."

<u>મૂળપ્રત પર કમિશ્નરશ્રીની સહી છે</u>

સહી/–પંકજ જોષી
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/ ૩૫૩
તારીખ:૧૪–૧૧–૨૦૦૬.

પ્રતિ,
(૧) ચીફ ફાયર ઓફિસરશ્રી (વોચ એન્ડ વોર્ડ).......જાણ તથા અમલ માટે.

(૨) શ્રી વિજયભાઈ શેણમારે મહામંત્રી, [redacted]

... [redacted]

ડે.કમિશ્નર(પિએન્ડ ઈ)
સુરત મહાનગરપાલિકા.

સી. જે. ગામીત
ડેપ્યુટી કમિશ્નર(પ.અને ઈ.)
સુરત મહાનગરપાલિકા

☎ કચેરી :- ૨૪૨૩૭૫૦ ૫૨/૩૨૮
૨૪૩૧૫૮૭
☎ નિવાસ સ્થાન :- ૨૨૨૬૨૬૮


નં.આરટીઆઈસેલ/ ૨૯૫
તારીખ: ૧૯-૯-૨૦૦૬.

પ્રતિ,
અંબાલાલ છગનલાલ પટેલ,
[illegible]

**વિષય :** રાઈટ ટુ ઈન્ફરમેશન એક્ટ હેઠળ આપની અમરોલી બ્લોક નં.૧૦૫ વાળી મિલ્કતમાં ગેરકાયદેસર બાંધકામ અટકાવવા બાબતની અપીલ અરજી બાબત.

ઉપરોક્ત વિષય સંદર્ભમાં જણાવવાનું કે અપીલ અધિકારી અને ડે.કમિશ્નરશ્રીના આદેશાનુસાર તા.૧૫-૯-૨૦૦૬ના રોજ નીચે સહી કરનાર સમક્ષ આપની અપીલ અરજી સંદર્ભે રૂબરૂ રજૂઆત દરમ્યાન આપે રજૂ કરેલ મુદ્દાઓ અંગે મદદનીશ જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (રાંદેર ઝોન)ને સદર માહિતી આપને દિન-૭માં પુરી પાડવા અપીલ અધિકારીશ્રીના આદેશાનુસાર સૂચિત કરવામાં આવેલ છે.તેમ છતાં જરૂરીયાત જણાયે મહત વિત્યે નીચે સહી કરનારનો સંપર્ક કરવા વિનંતી છે.

ડેપ્યુટી કમિશ્નર(પ.અને ઈ.),
અને નોડલ ઓફિસર
રાઈટ ટુ ઈન્ફરમેશન એક્ટ ૨૦૦૫
સુરત મહાનગરપાલિકા

અપીલ નંબર : ૨૦,
તા.૧૧–૭–૨૦૦૬

અરજદાર : શ્રી પિયુષ વી. પટેલ
સામાવાળા : આસી. કમિશ્નર

નં.આરટીઆઈસેલ/ ૪૦૫
તારીખઃ ૧૯–૧૨–૨૦૦૬.

પ્રતિ,
શ્રી પિયુષ વી. પટેલ,
[illegible]

વિષય : રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ હેઠળ આપની તા.૧૧–૭–'૦૬ની અપીલ નં.૨૦ બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, આપશ્રીએ તા.૨૩–૧૧–'૦૬ના પત્રથી જણાવ્યા મુજબ સદર અપીલ અરજીમાં જણાવેલ માહિતી અપીલની મુદ્દત દરમ્યાન આપને જાહેર માહિતી અધિકારીની કક્ષાએથી મળી ગયેલ હોય આપે આપની અપીલ અરજી પાછી ખેંચી લેતાં હવે અપીલ અરજી અંગે અત્રેથી કશું કરવાનું રહેતું નથી જે જાણશો.

13/12

મ્યુ.કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

FAX : 91-0261- 42 2110
TELEX : 0188 251 SMC IN
ટેલિફોન નં. [illegible]

સુરત મહાનગરપાલિકા
મુગલસરાઈ,
સુરત-૩૯૫ ૦૦૩.

૫૪

રાઈટ ટુ ઈન્ફોર્મેશન
સે.ઝોન/આ.નં. 280.
તા. 23/11/2006

પ્રેષક :–
આસી.કમિશ્નર અને
જાહેર માહિતી અધિકારી
સુરત મહાનગરપાલિકા.

પ્રતિ,
શ્રી રાજેશભાઈ વિઠ્ઠલભાઈ કરૂષકર
[redacted]

વિષય :– માહિતી આપવા બાબત.
સંદર્ભઃ– આપશ્રીની તા.૭/૩/૦૬ ની અરજી

મહાશય,

આપશ્રીની ઉપરોકત અરજીથી માંગેલ માહિતી અનુસંધાને નીચેની વિગતો જાણમાં લેશો.

(૧) ઘર નં.૧૨/૧૮૦૫ ની દક્ષિણ બાજુમાં જાહેર પાણીનાં સ્ટેન્ડ પોસ્ટ બાબતે તપાસ કરતાં, તેની આસપાસ ઝુંપડાઓની વસાહત આવેલ છે. જે તરફ પાણીની લાઈન જતી હોવાનું માલુમ પડેલ છે. જેથી એવું અનુમાન કરી શકાય કે ત્યાં સ્ટેન્ડ પોસ્ટ હોવું જોઈએ.

(૨) ચાર નળનાં પાણીનું સ્ટેન્ડ પોસ્ટ અત્રેથી દૂર કરવામાં આવેલ નથી.

(૩) ૧૨/૧૮૦૫ માં કુલ ૧૮ ઘરની આકારાણીની માહિતી બાબતનો પ્રશ્ન નવો પ્રશ્ન હોય, જે અંગે રૂા.૨૦/– ભરપાઈ કરી નવેસરથી નિયત ફોર્મેટમાં અરજી કરવાની રહેશે. તેમજ ઉકત અરજીમાં માંગ્યા મુજબ કયા અઢાર ઘરની એસેસમેન્ટની નકલ જોઈએ છે, તેના ટેનામેન્ટ નંબર અત્રે જણાવવાનાં રહેશે.

આભાર.

આસી.કમિશ્નર અને
જાહેર માહિતી અધિકારી
સુરત મહાનગરપાલિકા,

ન.ર. : સેકશન ઓફિસરશ્રી રાઈટ ટુ ઈન્ફરમેશન સેલ પ્રતિ,...જાણ સારૂ.

નં. આરટીઆઈસેલ/ ૩૨૦
તારીખઃ ૭-૧૦-૨૦૦૬.

પ્રતિ,
શ્રી બાબુભાઈ સવજીભાઈ બાથાણી,
[redacted]

વિષય : આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ હેઠળ કર્મચારીશ્રી હર્ષદ એલ.ભાટીયા અંગે માહિતી આપવા બાબત.
સંદર્ભ : આપની તા.૩-૮-૨૦૦૬ની અપીલ અરજી બાબત.

ઉપરોકત વિષયના સંદર્ભ અન્વયે માંગવામાં આવેલ માહિતી નીચે મુજબ છે.

(૧) કોઈપણ કર્મચારી સામે જયારે કોઈ ગંભીર પ્રકારની ક્ષતિ,ભૂલ,બેદરકારી કે જાહેર ફરિયાદ હોય અને ખાતાકીય રાહે પગલાં લેવા માટે ભલામણ કરેલ હોય તેવા સંજોગોમાં ઈન્કવાયરી કરવા માટે ભલામણ કરવામાં આવે છે.એવી કોઈ ભલામણ કે કાર્યવાહી થયેલ જણાતી નથી.

(૨) કર્મચારીની બદલી એક વહીવટી પ્રક્રિયા છે અને લાગત અધિકારી વહીવટી દ્દષ્ટિકોણથી વિવેકબુધ્ધિને આધીન તેની અમલવારી કરવા કે ફેરફાર કરવા સક્ષમ હોઈ તે અંગે વધારાની કોઈ દફતરી કાર્યવાહી થયેલ નથી.

(૩) મજકુર કર્મચારી વિરુધ્ધ મૌખિક ફરિયાદ મળતા તેની આંતરિક બદલી કરવામાં આવેલ છે.

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/ ૩૧૯
તારીખઃ ૭-૧૦-૨૦૦૬.

પ્રતિ,
શ્રી શિરીષ મોહનલાલ કાપડીયા,

**વિષય** : રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ હેઠળ જાહેર સ્થળોએ બાગ બનાવવાના નિયમો વિ.ની માહિતી બાબત.
**સંદર્ભ** : આપની તા.૩૧-૭-૦૬ની અપીલ અરજી બાબત.

ઉપરોકત વિષયના સંદર્ભે શહેરના વિવિધ આયોજનો માટે શહેરનો વિકાસ નકશો બનાવતી વખતે તેમાં વિવિધ હેતુઓ,ઉપયોગ વિગેરે આયોજનબધ્ધ રીતે નકકી કરી તેમાં સુચવેલ ઉપયોગો અને સેવાઓ માટે માઈક્રો લેવલે પ્લાનીંગ હાથ ધરવામાં આવે છે.જેમા સ્થાનિક સત્તા મંડળ માટે વિવિધ હેતુઓ માટે પ્લોટ ફાળવવામાં આવે છે.જેમાં પાર્કનો સમાવેશ થાય છે.નગર રચના યોજના તૈયાર કરવામાં આવે ત્યારે આવા હેતુઓ માટે ફાળવેલ પ્લોટ બાબતે વાંધા સુચનો માંગવામાં આવે છે.તેમજ આરોગ્ય, ટ્રાફિક અને પ્રવર્તમાન વિકાસ નિયંત્રણ નિયમો વિગેરે બાબતો ધ્યાને લેવામાં આવે છે.તદ્દુપરાંત બાગ કાર્યરત થયા પછી આરોગ્ય અને ટ્રાફિક નિયમન ખાતુ ફરજના ભાગરૂપે આ બાબતો પરત્વે લક્ષ આપે છે.

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

Fax/In/CI/1603

(૨૫)(૭)

૨૯

નં.આરટીઆઈ સેલ/૩૨૯
તારીખ: ૭ –૧૦–૨૦૦૬.

પ્રતિ,
શ્રી બાબુભાઈ ... જદાસ શાહ,
[illegible]

<u>વિષય</u> : રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ હેઠળ વોર્ડ નં.૮ નોંધ નં.૧૪૧૨–૧૩ માં અનધિકૃત બારીઓ મુકવા બાબત.

<u>સંદર્ભ</u> : ૧. આપની તા.૩૧–૭–૦૬ની અપીલ અરજી બાબત.
૨. આપનો તા.૪–૧૦–૦૬ના રોજનો પત્ર.

ઉપરોકત વિષયના સંદર્ભે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીના પત્ર ક્રમાંક સે.ઝોન./આ.નં./૧૫૫ તા.૧૪–૭–૨૦૦૬થી આપશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે જ.તે અનુસાર અધ્યક્ષશ્રી સુરત જીલ્લા લોકપ્રહરી તંત્રના ચુકાદા મુજબ આવી બાબતોમાં અરજદારને રક્ષણ આપવાનો કોઈ અધિકાર કોર્પોરેશનને હોતો નથી.આ અંગે અધ્યક્ષશ્રી લોકપ્રહરી તંત્રના ચુકાદાનો આપે પણ અમલ કરવાનો રહે.

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

TRUE COPY
Section Officer
Central Zone

અપીલ અરજી નં.૨૬ તા.૨૫–૭–૦૬

અરજદારશ્રી : યાસીનભાઈ મોહંમદભાઈ મુલતાની

સામાવાળા : કાર્યપાલક ઈજનેર (અઠવાઝોન)

**હુકમ :–**

વિષય :– રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ મુજબ શ્રી યાસીનભાઈ મોહંમદભાઈ મુલતાનીની ટી.પી.સ્કીમ નં.૯ ફા.પ્લોટ નં.૧૬૬/બી,સબ.પ્લોટ નં.૧/એના ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા અંગેની તા.૨૩–૬–૦૬ના રોજની અપીલ બાબત.

સંદર્ભ :– તા.૨૫–૭–'૦૬ના રોજની શ્રી યાસીનભાઈ મોહંમદભાઈ મુલાતાનીનો પત્ર તથા તે અંગે તા.૧૧–૯–૦૬ના રોજની નિયત નમુનામાં અપીલ અરજી બાબત.

અરજદારની અપીલ અરજી તથા કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)દ્વારા અત્રે મોકલી આપવામાં આવેલ વિગતોની હકીકત ધ્યાને લેતાં અરજદારશ્રી યાસીનભાઈ મુલતાની દ્વારા તેમની તા.૨૩–૬–૦૬ની અરજીથી પ્રશ્ન હેઠળની મિલ્કત ધારક સામાવાળાશ્રી મહેબુબ ફકીરભાઈ મુલતાનીને સાઉથ વેસ્ટ ઝોન દ્વારા તેના પત્ર નં.૫૫૮૦ તા.૧૦–૧૦–૨૦૦૦થી આપેલ નોટીસનો અમલ નહી થવાના કારણો અને માહિતી માંગેલ તેમજ તે બાબતે સાઉથ વેસ્ટ ઝોનના પત્ર નં.૧૩૦૩૦ તા.૧૨–૧–૨૦૦૬થી આપેલ નોટીસ બાબતે પણ સરખી માહિતી માંગેલ.તેની સાથે એ જ સ્થળે ગ્રાઉન્ડ ફ્લોરમાં દુકાન નં.૪,૫,૬ આવેલી છે.અને તેના પર ૩ માળ બાંધેલા છે તેને પાઠવેલ તા.૫–૬–૦૬ની નોટીસની નકલ તેમજ મિલ્કતના માલિકીના પુરાવા અને મ્યુ.વેરા બીલની નકલોની માંગણી કરેલ.જે પૈકી કાર્યપાલક ઈજનેરના તા.૧–૭–૨૦૦૬ના પત્ર નં.૨૧થી નોટીસની નકલ તેમજ માલિકીના પુરાવા અને વેરાબીલની નકલો માટે નિયત રૂા.૪/–ની ફી ભરવા જણાવેલ.જે કાર્યપાલક ઈજનેરના પત્ર નં.૨૫ તા.૭–૭–૨૦૦૬થી અરજદારને પુરી પાડવામાં આવેલ.

પરંતુ શ્રી મહેબુબ ફકીરભાઈ મુલતાનીને આપેલ તા.૧૦–૧૦–૨૦૦૦ની નોટીસના અમલ બાબતે કાર્યપાલક ઈજનેર દ્વારા તા.૧–૭–૨૦૦૬ના પત્રથી શ્રી મહેબુબ મુલતાની દ્વારા કરેલ બિનઅધિકૃત બાંધકામ રેગ્યુલરાઈઝ કરી શકાય તેમ હોવાથી શ્રી મહેબુબ મુલતાનીની અરજીના અનુસંધાને કાર્યવાહી હેઠળ હોઈ બાંધકામ દૂર કરવામાં આવેલ નથી તેવો જવાબ પાઠવેલ,જયારે શ્રી મહેબુબ મુલતાનીને પાઠવેલ તા.૧૨–૧–૨૦૦૬ની નોટીસ અંગે કાર્યપાલક ઈજનેરશ્રીએ જણાવેલ કે આ નોટીસ અરજદારશ્રી યાસીનભાઈ મુલતાનીની ફરિયાદ અન્વયે શ્રી યાસીનની ગ્રાઉન્ડ ફ્લોરની દુકાનમાં હવા ઉજાસની માંગણી ધ્યાને રાખી સામાવાળાને નોટીસ આપવામાં આવેલ અને તે પ્રમાણે હિત ધરાવનાર પાસેથી તે બાંધકામ દૂર પણ કરવવામાં આવેલ.જયારે બાકીનું બાંધકામ માર્જીનમાં હોવાથી રેગ્યુલરાઈઝ થઈ શકે તેમ હોવાથી તેમજ સદર મિલ્કતને લાગુ નહેર ઉપરના સુડાના વિકાસ પ્લાનના ૬૦ મીટરના રસ્તાને અસર થતી હોય બાંધકામ રેગ્યુલરાઈઝ કરવામાં આવેલ નથી તેવું જણાવેલ.જેની સામે અરજદાર દ્વારા બિનઅધિકૃત બાંધકામ અંગે કાયદેસરની કાર્યવાહી નહી કરવા સબબ તેમજ સંતોષકારક જવાબ નહી આપવા સબબ કાર્યપાલક ઈજનેરના જવાબથી નારાજ થઈ અપીલ કરવામાં આવેલ.

કાર્યપાલક ઈજનેર દ્વારા અત્રે મોકલવામાં આવેલ સાધનીક કાગળો પૈકી શ્રી મહેબુબ મુલતાનીને તા.૧૨-૧-૨૦૦૬ના રોજ તેમજ તા.૫-૬-૨૦૦૬ના રોજ ટી.પી.સ્કીમ નં.૯ મજુરા ફા.પ્લોટ નં.૧૬૬એ/બી પૈકી સબ પ્લોટ નં.૧/એ વાળી મિલ્કતના ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન નં.૩ તથા પ્રથમમાળથી ત્રણ માળના અનધિકૃત ભોગવટાના હિસ્સા અંગે અરજદાર દ્વારા વિવિધ તબક્કે કરવામાં આવેલ રજૂઆતો તેમજ બી.પી.એમ.સી.એક્ટની કલમ-૨૬૮ હેઠળ આપવામાં આવેલ બિનઅધિકૃત બાંધકામ દુર કરવાની નોટીસ નં.સા.વે.ઝોન/૧૯૬૦ અને ત્યારબાદ તેનું પાલન થયા અંગેના કાર્યપાલક ઈજનેરના પૂર્તતા અહેવાલની અનુપસ્થિતિમાં અરજદારની અપીલમાં કરેલ રજૂઆતને મળતું સમર્થન ધ્યાને લઈ નીચેનીવિગતે હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"મંજૂર પ્લાન વિરુધ્ધમાં થયેલ બિનઅધિકૃત બાંધકામ દિન-૩૦માં દુર કરી પૂર્તતા રીપોર્ટ મોકલી આપવા કાર્યપાલક ઈજનેર (સાઉથ વેસ્ટ ઝોન)ને જણાવવામાં આવે છે."

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/ ૩૫૫
તારીખ:૨૪-૧૧-૨૦૦૬.

પ્રતિ,
(૧)કાર્યપાલક ઈજનેરશ્રી, અઠવા ઝોન ......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી યાસીનભાઈ મોહંમદભાઈ મુલતાની
... તેઓની અપીલ અરજીના સંદર્ભે ઉપરની વિગતેના હુકમ દ્વારા કરવામાં

અપીલ નં.૨૭ તા.૨૬-૭-૦૬.
અપીલ નં.૩૬ તા.૨-૧૧-૦૬.

નં.આરટીઆઈ સેલ/૩૯૦
તારીખ-૨૭-૧૧-૨૦૦૬.

પ્રતિ,
ડો.સરોશ સામ ભકકા.

વિષય :- રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ-૨૦૦૫ અન્વયે આપની તા.૨૩-૬-૦૬ની તેમજ તા.૨૭-૯-'૦૬ની અરજીઓ.

સંદર્ભ :- (૧) આપશ્રીની તા.૨૬-૭-૦૬ તેમજ તા.૨-૧૧-૦૬ના રોજની અપીલ.
(૨) અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૩૪૩, તા.૭-૧૧-'૦૬ તેમજ આપનો તા.૯-૧૧-'૦૬ના રોજનો પત્ર.

ઉપરોકત વિષયના સંદર્ભે જણાવવાનું કે આપની તા.૨૬-૭-'૦૬ની અપીલનો જવાબ આપના તા.૯-૧૧-'૦૬ના પત્રમાં જણાવ્યા મુજબ અઠવા ઝોન તરફથી અપીલની મુદત પૂર્ણ થતા પૂર્વે મળી ગયેલ હોય, તે અંગે અત્રેથી હવે કશું કરવાનું રહેતું નથી. વધુમાં આપની તા.૨૭-૯-'૦૬ના રોજની અરજી અંગે તા.૨-૧૧-'૦૬ના રોજની અપીલ બાબતે આપના તા.૯-૧૧-'૦૬ના પત્રમાં કરેલ સ્પષ્ટતા મુજબ આ સાથે સામેલ નિયત નમૂના ફોર્મમાં વિગતો ભરી ઉલટ ટપાલે મોકલી આપવા વિનંતી છે. તે મળ્યેથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

બિડાણ : નમૂના ફોર્મ 'જ'માં અપીલનું નિયત ફોર્મ.

ડેપ્યુટી કમિશ્નર(પ.અને ઈ.),
અને નોડલ ઓફિસર
રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ ૨૦૦૫
સુરત મહાનગરપાલિકા.

નકલ રવાના :- કાર્યપાલક ઈજનેર( સાઉથ વેસ્ટ ઝોન ) પ્રતિ,.......જાણ માટે.

અપીલ નં. ૨૮ તા.૭-૭-૦૬

અરજદાર : શ્રી દિવ્યાંગ જે.રાવળ.
સામાવાળા : કાર્યપાલક ઈજનેર (રાંદેરઝોન)

**હુકમ :-**

વિષય :- રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ મુજબ શ્રી દિવ્યાંગ જે. રાવળની ટી.પી.સ્કીમ નં.૧૧ રે.સ.નં.૪૬૨/૧,૪૬૧/૩,૪૬૨/૨ પૈકીની જમીનમાં આવેલ સુગમ સોસાયટી અંગે તા.૨૭-૧-૦૬ની અરજીથી માંગેલ માહિતી બાબતની અરજી.

સંદર્ભ :- તા.૭-૭-'૦૬ની ગુજરાત માહિતી આયોગને અરજદાર દ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અંગે તા.૨૪-૦૭-૨૦૦૬ના રોજનો આયોગનો હુકમ.

રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ મુજબ અરજદાર મજકુર ધ્વારા તા.૨૭-૧-'૦૬ના રોજ કરવામાં આવેલ સુગમ સોસાયટીના કોર્પોરેશનને સોંપેલ રસ્તાઓ પર મુકેલ લોખંડની આડશો તેમજ દરવાજાને તાળા મારી વાહન વ્યવહાર માટે બંધ કરેલ રસ્તાઓ બાબતે ઉપસ્થિત કરેલ મુદ્દાઓને આવરી લેતી અરજી સંદર્ભે કાર્યપાલક ઈજનેર, પશ્ચિમ ઝોન રાંદેર તરફથી આપવામાં આવેલ " બે મુદ્દાની માહિતી કેસવાઈઝ વિવેકાધીન હોવાનું તેમજ તે અંગે લોકપ્રહરી તંત્ર સુરતના તા.૧૧-૧-૨૦૦૫ના ચુકાદાને ધ્યાને લેવાનો" જવાબના પત્ર નં.૮૯૯, તા.૨૪-૨-'૦૬થી નારાજ થઈ તા.૨૪-૭-૨૦૦૬ની શ્રી દિવ્યાંગ જે.રાવળ ધ્વારા ગુજરાત માહિતી આયોગને કરવામાં આવેલ અપીલ અંગે સંદર્ભમાં જણાવેલ આયોગનો હુકમ અત્રેની કચેરીને તા.૧૭-૮-૦૬ના રોજ મળેલ તેના અનુસંધાને અરજદાર મજકુરને તા.૬-૧૦-૦૬ના રોજ નીચે સહી કરનાર સમક્ષ રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવેલ જે દરમ્યાન તેમણે ઉપસ્થિત રહી કરેલ રજુઆતના અનુસંધાને કાર્યપાલક ઈજનેર પશ્ચિમ ઝોનના પ્રતિનિધિને પણ તેમનો મત રજુ કરવાની આપેલ તક દરમ્યાન તેમણે કરેલ લોકપ્રહરીશ્રી સુરતના ચુકાદો " આ દરવાજા સભ્યોને કોઈપણ અગવડ કે અડચણ રુપ થતાં ન હોવાનું તેમજ કોર્પોરેશનના રસ્તાને દબાણ કરતાં ન હોવાનું પરંતુ જનતાનું રક્ષણ કરતા હોવાની તેમજ સોસાયટીની રજુઆત મુજબ સગવડતા ખાતર મુકેલ હોવાનું અને તે અંગે બોર્ડ ઓફ નોમીનીઝમાં મનાઈ અરજી આપેલ હોવાની "રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અરજદારની અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે

અરજદાર મજકુર ધ્વારા કરવામાં આવેલ રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

" જો Road Corporation ને Handover કરેલ હોય તો કોર્પોરેશનના રોડમાં જે કાર્ય પધ્ધતિ અપનાવવામાં આવે છે તે પધ્ધતિ આ કિસ્સામાંપણ અપનાવી દિન-૩૦માં પૂર્તતા રજુ કરવા કાર્યપાલક ઈજનેર પશ્ચિમઝોનને જણાવવામાં આવે છે."

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/ ૩૫૪
તારીખઃ ૧૪-૧૧-૨૦૦૬.

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, રાંદેર ઝોન .......જાણ તથા અમલ માટે.

(૨) શ્રી દિવ્યાંગ જે. રાવળ,

.. તેઓની અપીલ અરજીના સંદર્ભે જાણ સારૂં.

નં.આરટીઆઈ સેલ/૩૧૭
તારીખઃ ૪-૧૦-૨૦૦૬.

પ્રતિ,
શ્રી પરસોતમભાઈ એમ.ત્રિપાઠી,
[illegible]

<u>વિષય</u> : રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ હેઠળ ક્રિષ્ણા એપાર્ટ.તથા પંકજ ડાયમંડ વિ.એપાર્ટમેન્ટની વચ્ચે આવેલ એપાર્ટમેન્ટના પ્લાન તેમજ ઈમ્પેકટ ફી હાઈટેન્શન લાઈન વિગેરેની માહિતી બાબત.
<u>સંદર્ભ</u> : આપની તા.૯-૯-૦૬ની અપીલ બાબત.

ઉપરોકત વિષયના સંદર્ભે લાગત મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી તેમજ કાર્યપાલક ઈજનેર, વરાછા ઝોન તરફથી તા.૨-૯-'૦૬ના રોજ પત્ર નં.પૂર્વ ઝોન/ટીડી/૭૮આરટીઆઈ હેઠળ આપશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. સદર પત્રની નકલ સંદર્ભ અર્થે આ સાથે સામેલ છે. જેથી આપશ્રીની અપીલ સંદર્ભે અત્રેથી કશું કરવાનું રહેતુ નથી જે જાણશો.

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

4 OCT 2006
INO/6029.

પંકજ જોષી
મ્યુ.કમિશ્નર,

મુગલીસરા,
સુરત મહાનગરપાલિકા,
સુરત.

નં.આરટીઆઈસેલ/૩૩૫
તારીખ:૨૫-૧૦-૨૦૦૬.

પ્રતિ,
શ્રી એમ.એચ.સચીનવાલા,
[redacted]

વિષય : રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળની અરજી.
સંદર્ભ : આપની તા.૧૬–૯–'૦૬ની અપીલ અરજી.

ઉપરોકત વિષય અન્વયે સંદર્ભદર્શિત પત્રમાં જણાવ્યા મુજબની માહિતી ખાતાકીય તપાસ અધિકારીના પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૯૨૬, તા.૬–૧૦–'૦૬થી આપને પુરી પાડવામાં આવેલ છે જેની નકલ સામેલ છે. જેથી તમારી અપીલ અંગે હવે અત્રેથી કશું કરવાનું રહેતું નથી જે જાણશો.

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

**અરજદાર : શ્રીમતી ચંદ્રિકાબેન રાજુભાઈ શાહ.**
**સામાવાળા : કાર્યપાલક ઈજનેર (રાંદેરઝોન)**

**હુકમ :-**

વિષય :- રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ મુજબ શ્રીમતી ચંદ્રિકાબેન રાજુભાઈ શાહની દિનદયાળ સોસાયટીટેના.નં.૧૬ડી-૩૩-૦૬૬૫-૦-૦૦૧ તથા ૧૬ડી-૩૩-૦૬૬૬-૦-૦૦૧ની મિલ્કતની માહિતી મેળવવાની અરજી.
સંદર્ભ :- તા.૭-૧૦-'૦૬ની અરજદાર દ્વારા કરવામાં આવેલ અપીલ અરજી અંગે.

શ્રીમતી ચંદ્રિકાબેન રાજુભાઈ શાહ તરફથી દિનદયાળ સોસાયટી ટેનામેન્ટ નં.૧૬ડી-૩૩-૦૬૬૫-૦-૦૦૧ તથા નં.૧૬ડી-૩૩-૦૬૬૬-૦-૦૦૧ ની મિલ્કતની માહિતી મેળવવા અંગે તા.૩૧-૫-'૦૬ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રી પશ્ચિમ ઝોનને અરજી કરવામાં આવેલ. જે અંગે કાર્યપાલક ઈજનેરશ્રી પશ્ચિમ ઝોન તરફથી તેઓના પત્ર નં.એ.આર.ડી. આવ.નં.૧૧૦, તા.૧૩-૬-'૦૬થી હાલમાં ઉપરોકત મિલ્કત શ્રી જેકિશનદાસ વનમાળીદાસ મિસ્ત્રી, શ્રીમતી તારાબેન જેકિશનદાસ મિસ્ત્રીના નામે કરપાત્ર વ્યકિત તરીકે દાખલ હોય કરપાત્ર વ્યકિતની લેખિત મંજૂરી મેળવી અત્રે રજૂ કરવાથી અરજી બાબતે આગળની કાર્યવાહી કરવામાં આવશે એમ જણાવેલ.

કાર્યપાલક ઈજનેરશ્રીના ઉપરોકત પત્રથી પાઠવેલ જવાબ રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટની જોગવાઈઓ સાથે સુસંગત ન હોય અરજદાર મજકૂર ધ્વારા નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૭-૧૦-'૦૬ના રોજ મ્યુ.કમિશનરશ્રીને અપીલ કરવામાં આવેલ. જે અંગે અપીલની કાર્યવાહી સમયમર્યાદામાં કરી શકાય તે ધ્યાને લઈ સવિસ્તર માહિતી નકલો સહીત દિન-૦૩માં પુરી પાડવા લાગત જાહેર માહિતી અધિકારી અને ઝોનલ ચીફ રાંદેર ઝોનને અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૩૨૩, તા.૧૨-૧૦-'૦૬થી જણાવવામાં આવેલ.

જેના અનુસંધાને અરજદારને એપેલેટ ઓફિસર તરીકે નીચે સહી કરનાર સમક્ષ રુબરુ રજૂઆત માટ તારીખ ૨૭-૧૧-૨૦૦૬ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ.જે સંદર્ભે અરજદાર ઉપસ્થિત રહયા હતા તેમજ લાગત રાંદેર ઝોનમાંથી કાર્યપાલક ઈજનેરશ્રી ઉપસ્થિત રહયા હતા.જે સમયે અરજદાર તરફથી નીચે મુજબની રજૂઆત કરવામાં આવેલ.

(૧) માંગ્યા મુજબની માહિતી મળી નથી.
(૨) માંગ્યા મુજબની માહિતી મળે તેમ જણાવેલ છે.

જયારે કાર્યપાલક ઈજનેરશ્રી દ્વારા રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી અરજદારને પુરી પાડવા જણાવવામાં આવેલ છે.અરજદાર મજકુરની રજૂઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અરજદારની અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**" અરજદારને માંગ્યા મુજબની માહિતી સત્વરે પુરી પાડવા કાર્યપાલક ઈજનેર પશ્ચિમઝોનને જણાવવામાં આવે છે."**

<u>મૂળ પ્રત પર કમિશ્નરશ્રીની સહી છે.</u>

સહી/-
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/ ૩૮૪
તારીખ: ૨-૧૨-૨૦૦૬.

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, રાંદેર ઝોન .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રીમતી ચંદ્રિકાબેન રસમુખભાઈ શાહ (રાજુભાઈ શાહની પત્ની), ...

ડેપ્યુટી કમિશ્નર(પ.અને ઈ.),
અને એપેલેટ ઓફિસર
રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ ૨૦૦૫
સુરત મહાનગરપાલિકા.

(2)

અપીલ અરજી નં.૩૨ તા.૧-૮-૦૬

અરજદાર : શાંતિબેન પ્રેમાભાઈ પટેલ.

સામાવાળા : ડાયરેક્ટર ઓફ પ્લાનીંગ

INWARD No. 15231
DATE 27.11.06
SOUTH ZONE

**હુકમ :-**

વિષય :- રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ મુજબ શ્રી શાંતિબેન પ્રેમાભાઈની ભમરોલી સર્વે નં.૧૧૮ બ્લોક નં.૧૭૭ વાળી જમીનમાં બિનઅધિકૃત બાંધકામનું ડીમોલીશન કરવા બાબતની અરજી અંગે અપીલ બાબત.

સંદર્ભ :- તા.૧-૮-'૦૬ના રોજની શ્રી શાંતિબેન પ્રેમાભાઈની અપીલ અરજી નં.૩૨ તા.૧-૮-૦૬

શ્રી શાંતિબેન પ્રેમાભાઈ પટેલ, રહેવાસી-ચયતા એપાર્ટમેન્ટ-૩, સંતલાલા સોસાયટી, હિરાબાગ સર્કલ, વરાછા રોડ, સુરતનાએ તા.૧૬-૬-'૦૬ના રોજ ભમરોલીના સર્વે નં.૧૧૮, બ્લોક નં.૧૭૭ વાળી જમીન કે જે નવી શરતની છે તથા મહાનગરપાલિકાનું રીઝર્વેશન છે તે જમીનમાં બિનઅધિકૃત બાંધકામ કરેલ છે. જે તાત્કાલિક ડિમોલીશન કરવા રાઈટ ટુ ઈન્ફર્મેશ એકટ હેઠળ અરજી કરેલ. જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રી ધ્વારા પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૩૧૨૧, તા.૧૩-૭-'૦૬થી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ જે અંગે પ્રશ્નવાળી જમીનમાં પ્લોટ નં.૩૫૬ થી ૩૬૨ તેમજ ૧૭,૧૮,૧૯ માં તા.૧૪-૩-'૦૬ના રોજ તેમજ પ્લોટ નં.૩૫૪,૩૫૫,૫૧,૫૨,૫૩ માં તા.૧૬-૩-'૦૬ના રોજ ધી બી.પી.એમ.સી. એ ટની કલમ ૨૬૦(૧)(અ) મુજબ કારણદર્શક નોટીસ આપવામાં આવેલ. તેમજ પ્લોટ નં.૩૫૪,૩૫૫,૩૫૬,૩૫૭,૩૫૮,૩૫૯ અને પ્લોટ નં.૫૧,૫૨,૫૩ પૈકી વાળી મિલ્કતમાં તા.૨૩-૬-'૦૬થી ગેરકાયદેસર બાંધકામનું ડિમોલીશન કરવામાં આવેલ છે તેમ જણાવેલ છે.

દરમ્યાનમાં અરજદારશ્રી ધ્વારા ફરીથી તા.૨૬-૬-'૦૬ના રોજ પત્ર લખી તેમની તા.૧૬-૬-'૦૬ની અરજીના સંદર્ભે યોગ્ય કરવા ...ે. જે સંદર્ભે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.ઝોન/ટેક./આ.નં.૪૨૬૮, તા.૩૧-૮-'૦૬થી ...જદારને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. ત્યારબાદ અરજદાર ધ્વારા તા.૧-૮-'૦૬ના રોજ ફરીથી અરજી કરી સદર બાબતની માહિતી આપવા જણાવેલ. જે સંદર્ભે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી, સાઉથ ઝોન ધ્વારા પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૪૪૫૦, તા.૫-૯-'૦૬થી અગાઉના પ્રત્યુત્તર ઉપરાંત હાલમાં ચોમાસાની સિઝન ચાલુ હોય બાકી રહેલ સબ પ્લોટોનું ગેરકાયદેસર બાંધકામ ચોમાસાની સિઝન બાદ દૂર કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે એમ જણાવવામાં આવેલ.

દરમ્યાનમાં અરજદાર ધ્વારા તા.૧-૮-'૦૬ના રોજ કમિશ્નરશ્રીને અપીલ કરવામાં આવેલ. જે સંદર્ભે અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૨૪૦, તા.૪-૮-'૦૬થી લાગત જાહેર માહિતી અધિકારી પાસેથી સદર બાબતની તમામ વિગતો અત્રે પુરી પાડવા જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓશ્રીના પત્ર નં.સા.ઝોન/ટેક./૪૭૫૬,તા.૧૫-૯-'૦૬થી અત્રે વિગતો પુરી પાડેલ જે ધ્યાને લેતાં ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રીના ઉપરોકત જવાબ અન્વયે હજૂ કેટલાંક સબ પ્લોટોનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરવાનું બાકી હોવાનું ફલીત થાય છે. જે હકીકત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"ચોમાસા પછીની ઘટતી કાર્યવાહી હાથ ધરી in due course compliance" કરવા જણાવવામાં આવે છે.

મૂળપ્રત પર કમિશ્નરશ્રીની સહી છે.

સહી/-પંકજ જોષી
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/ ૩૫૨
તારીખ : ૧૪-૧૧-૦૬

પ્રતિ,
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રી .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી શાંતિબેન પ્રેમાભાઈ પટેલ,

ડે.કમિશ્નર (પીએનઈ)
સુરત મહાનગરપાલિકા.

DOP No 674
Date 15/11/-2006

સાદર રજૂ,

શ્રી રાજેશ આદ્યાપ્રસાદ ગિરિ તરફથી તા.૧૮-૭-'૦૬ના રોજ રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ હેઠળ અરજી કરી નિવૃત્ત શિક્ષકોના પગાર વિગેરે બાબતની માહિતી પુરી પાડવા જણાવેલ. જે અંગે શાસનાધિકારીશ્રી તરફથી તેઓશ્રીને ૩૦ દિવસની સમયમર્યાદા પછી તેમજ અપૂરતી માહિતી આપવામાં આવેલ, જે સંદર્ભે અરજદાર ધ્વારા તા.૮-૧૦-'૦૬ ના રોજ એપેલેટ ઓફિસર અને મ્યુ.કમિશ્નરશ્રીને અપીલ કરવામાં આવેલ છે જેની નકલ આ સાથે સામેલ છે. જે અંગે કમિશ્નરશ્રી સમક્ષ સમગ્ર બાબતની રજૂઆત કરવાની હોવાથી ખાતાગત જાહેર માહિતી અધિકારી અને શાસનાધિકારીશ્રીને અત્રેથી પત્ર નં.આરઆઈએક્ટ સેલ/૩૨૪, તા.૧૨-૧૦-'૦૬થી તમામ માહિતી વિલંબ થવાના કારણસહ પહોંચતી કરવા જણાવેલ. જેના સંદર્ભે તેઓશ્રી તરફથી પત્ર નં.૩૬૭૮ તા.૧૬-૧૦-'૦૬થી વિલંબના કારણસહ માહિતી મોકલવામાં આવેલ છે.

અરજદારની અપીલ અરજી તેમજ શાસનાધિકારીશ્રી તરફથી આવેલ માહિતી ધ્યાને લેતા અરજદારની મૂળ અરજીના મુદ્દા નં.૫ અન્વયે તા.૨૪-૧૦-૨૦૦૦ કમિશ્નરશ્રી મહાપાત્રના પત્ર નં.સી/૧૯૦૭ ની વિગત તેમજ પત્ર ઉપલબ્ધ નથી એમ જણાવેલ છે. મુદ્દા નં.૭માં ચાલુ નોકરીએ અવસાન પામેલા કર્મચારીના આશ્રિતને નિમણૂંક આપવાની માહિતી તેમજ તે અંગે સામાન્ય સભાના ઠરાવની નકલ આપેલ છે, પરંતુ અરજદારના જણાવ્યા પ્રમાણે જેના મા-બાપ પૈકી એક નોકરી કરતા હોય તો તેને આશ્રિત તરીકે લેવાય કે કેમ? સરકારી નિયમની અથવા કાયદાની પ્રમાણિત નકલ આપવામાં આવી નથી. મુદ્દા નં.૮ માં અરજદારના જણાવ્યા મુજબ પેપરમાં જાહેરાત આપ્યા વગર સીધી ભરતી કરવામાં આવેલ છે એવું પ્રતિત થાય છે. જે વિગતો આપેલ નથી અને માહિતી છુપાવવામાં આવેલ છે. જે અંગે શાસનાધિકારીશ્રી ધ્વારા આપવામાં આવેલ માહિતીમાં ન.પ્રા.શિ.સમિતિ, સુરતને કર્મચારી પસંદગી સમિતિની તા.૨૭-૭-'૦૨ના રોજ મળેલ મીટીંગનો અહેવાલ અરજદારને જણાવવામાં આવેલ જ છે. જેમાં સદર જગ્યાઓ ભરવા માટે ગુજરાત મિત્ર દૈનિકમાં તા.૨૪-૭-'૦૨ના રોજ જાહેરાત આપવામાં આવી હતી એમ સ્પષ્ટ જણાવેલ છે.

આ ઉપરાંત શાસનાધિકારીશ્રીએ અરજદારને પત્ર નં.એમ.એસ.બી./૨૦૩૧, તા.૧૪-૯-'૦૬થી આંશિક માહિતી પુરી પાડેલ છે. તેમજ માહિતી પુરી પાડવામાં થયેલ વિલંબ અંગે શહેરમાં આવેલ વિનાશક પુર અને ત્યાર પછીની પરિસ્થિતિમાં તમામ સ્ટાફ કાર્યરત રહેવાથી વિલંબ થયેલ છે એમ જણાવેલ છે. વધુમાં અરજદારશ્રી ધ્વારા પણ વિલંબ બાબતમાં પુરની પરિસ્થિતિમાં તે બાબતે કોઈ દરમ્યાનગીરી કે દખલ કરેલ નથી. A

ઉપરોક્ત તમામ હકીકતથી વિદીત થઈ શાસનાધિકારીશ્રીએ અરજદારને આંશિક માહિતી પુરી પાડી હોય જે માહિતી પુરી પાડવાની બાકી હોય તે માહિતી પુરી પાડવા જોગ છે. તેમ છતાં અરજદારની સદર અપીલ બાબતે એપેલેટ ઓફિસર અને મ્યુ.કમિશ્નરશ્રીનો યોગ્ય નિર્ણય થઈ આવવા વિનંતી.

[signature] ૧૮/૧૦/૦૬

સેક્શન ઓફિસર,
રાઈટ ટુ ઈન્ફરમેશન સેલ.

પર્સોનલ ઓફિસર,
અને આસી.નોડલ ઓફિસરશ્રી.

[illegible] ૧૮/૧૦/૦૬

ડે.કમિશ્નરશ્રી(પ.અને ઈ.), [signature] 19-10-06

કમિશ્નરશ્રી. [signature] ૨૪/૧૦/૦૬

20 OCT 2006

INW 16807

આરટીઆઈ સેલ/૩૩૭

૨૬/૧૦/૦૬

પંકજ જોષી
મ્યુ.કમિશ્નર,

મુગલીસરા,
સુરત મહાનગરપાલિકા,
સુરત.

---

નં.આરટીઆઈસેલ/ 305
તારીખ:૯-૧૧-૨૦૦૬.

પ્રતિ,
શ્રી વિજય એન.શેણમારે,
[redacted]

વિષય : રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ રાત્રી સફાઈની કોન્ટ્રાકટ કામગીરીના કોન્ટ્રાકટરના નામ સરનામા વિ.ની માહિતી માંગતી અરજી.

સંદર્ભ : આપની તા.૧૭-૧૦-'૦૬ની અપીલ અરજી નં.આઈડી અપીલ / ૩૪.

ઉપરોકત વિષય અન્વયે સંદર્ભદર્શિત પત્રમાં જણાવ્યા મુજબની માહિતી બાબતે ડે.ઈજનેર (સો.વે.મે.)ના પત્ર નં. પીએચડી/સો.વે.મે./૯૬૦ તા.૨૮-૧૦-૦૬ના પત્રમાં જણાવ્યા મુજબ દસ્તાવેજ ફી પેટે રૂા.૧૦૪/-મ્યુ.ઓફિસમાં જમા કરાવી માહિતી મેળવી લેવા વિનંતી.વધુમાં ઉપરોકત બાબતે જરૂર જણાય તો નીચે સહી કરનારનો રૂબરૂ સંપર્ક કરવા વિનંતી.

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

---

ફોન: (ક.) ૨૪૨૨૨૪૪ ફેકસ: ૦૨૬૧-૨૪૨૨૧૧૦

અપીલ અરજી નં. ૩૫
તારીખ : ૧૬–૧૨–૨૦૦૬

અરજદાર : મુકેશ યુ. પ્રજાપતિ
સામાવાળા : ઝોનલ ચીફ વરાછા ઝોન

હુકમ :

શ્રી મુકેશ યુ.પ્રજાપતિ તરફથી રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ હેઠળ મોજે ફુલપાડાના રે.સ.નં.૧૩૦/૨ વાળી જમીન તેમજ મોજે ફુલપાડાની ટી.પી.સ્કીમ નં.૧૫ રે.સ.૨૮/૧,ફા.પ્લોટ નં.૬૪ વાળી જમીન સંબંધિત માહિતી માગતી અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને મદદનીશ જાહેર માહિતી અધિકારી વરાછા ઝોન અને કાર્યપાલક ઈજનેરશ્રીના પત્ર નં.પૂર્વઝોન/ટીડી/આરટીઆઈ/નં.૭૪, તા.૨૫–૭–'૦૬થી દસ્તાવેજ ફી ભરી જવા માટે જવાબ પાઠવવામાં આવેલ. સદર જવાબના અનુસંધાને અરજદારશ્રી તરફથી તા.૨૮–૭–૨૦૦૬ના રોજ રસીદ નં.૪૧૦૫થી નકલ ફીના રૂા.૮૦૦/– જમા કરવવામાં આવેલ છે. તેમ છતાં વરાછા ઝોન દ્વારા માંગેલ માહિતી આપેલ ન હોવાનું જણાવી તા.૨૦–૧૦–'૦૬ના પત્રથી મ્યુ.કમિશનરશ્રીને ઉદ્દેશીને અપીલ કરવામાં આવેલ. જેના સંદર્ભે કાર્યપાલક ઈજનેર, વરાછા ઝોન દ્વારા આવેલ માહિતી ધ્યાને લઈ અરજદાર મજકુરે અરજી પાછી ખેંચી લીધી હોવાથી અપીલ બાબતે અત્રેથી કશુ કરવાનું રહેતુ નથી એમ જણાવેલ.

અરજદાર મજકુર દ્વારા તા.૧૬–૧૨–'૦૬ના રોજ કમિશનરશ્રીને પત્ર પાઠવી જણાવેલ છે કે તેઓશ્રી દ્વારા તા.૧૦–૧૧–'૦૬ના રોજ કરવામાં આવેલ અપીલ પરત ખેંચેલ નથી તેઓની અપીલ ચાલુ છે અને તેઓએ અપીલ સંદર્ભે પરત ખેંચવાનું કોઈ લખાણ કે અરજી કરેલ નથી. જેથી વગર સુનાવણીએ દફતરે કરવામાં આવેલ અપીલ સામે વાંધો ઉઠાવી સુનાવણી હાથ ધરી અપીલ આગળ ચલાવવા અરજ કરેલ.

જે સંદર્ભે અરજદારને તા. ૨૩–૧–૦૭ના રોજ રૂબરૂ રજૂઆત અંગે ઉપસ્થિત રહેવા જણાવેલ તેઓશ્રી તેમજ કાર્યપાલક ઈજનેર, વરાછા ઝોન ઉપસ્થિત રહેલ.

અરજદારે નીચે મુજબ રજૂઆત કરેલ.

૧) બે પ્લાન અને બે રજાચિઠ્ઠી માંગેલી
૨) પ્લોટ નં.૧૩૦માં ફક્ત પ્લાન જ આપેલ છે.
૩) પ્લોટ નં.૨૮/૧ માં પ્લાન તથા રજાચિઠ્ઠી આપેલ નથી.
૪) ઉપલબ્ધ રેકર્ડની માહિતી પી.આઈ.ઓ. દ્વારા આપવામાઆવેલ નથી.
૫) કાયદાની જોગવાઈ મુજબ દિન–૩૦માં માહિતી ન આપે તો વિનામૂલ્યે માહિતી પુરી પાડવી.
૬) વધુમાં લેખીતમાં રજૂઆત આપેલ છે.

કાર્યપાલક ઈજનેર, વરાછા ઝોનની રજૂઆત નીચે મુજબ છે.

જે રેકર્ડ અરજદારને આપી શકયા નથી. તે રેકર્ડ રેકર્ડ રૂલ્સનાં નિયમ મુજબ ૧૦ વર્ષથી ઉપરનો છે. જેથી આપી શકાય તેમ નથી.

આમ બંને પક્ષોની રજૂઆતના અનુંધાને નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારે માંગેલ માહિતી કાયદા અને નિયમોની જોગવાઈને અનુલક્ષી અપવાદ હેઠળ આવતી ન હોય તે પુરી પાડવી અને માહિતી નહિં પુરી પાડવાના કિસ્સામાં કાયદાની કલમ–૭(૮) હેઠળ યોગ્ય કારણસર નિયમોથી ઠરાવેલ નમુનો–ઘ અથવા છ પૈકી નિયમ–૪ હેઠળના લાગુ પડતા નમુનામાં જવાબ પાઠવવો.

અરજદારની પાસેથી વસુલ લેવામાં આવેલ ફી સામે પુરી પાડવામા આવેલ આંશિક માહિતી ધ્યાને લેતાં પ્રથમદર્શી રીતે વસુલ લેવામાં આવેલ ફી અને થયેલ કાર્યવાહી કાયદાની કલમ–૭(૩)(બી) તેમજ (૬) અને માહિતી અધિકાર અધિનિયમના નિયમોના નિયમ–૫ સાથે સુસંગત જણાતી નથી. જેથી તે બાબતે પૂનઃ ચકાસણી કરી પરત કરવાની થતી ફી દિન–૭ માં અરજદારને રીફંડ કરી થયેલ તમામ કાર્યવાહીની નીચે સહી કરનારને જાણ કરવા જાહેર માહિતી અધિકારીને આદેશ કરવામાં આવે છે."

[signature]

કમિશનર
સુરત મહાનગરપાલિકા.

નં. આરટીઆઈ સેલ/ ૪૭૪
તારીખ ૨૪–૧–૨૦૦૭

પ્રતિ,
૧) ઝોનલ ચીફ વરાછા ઝોન,
૨) શ્રી મુકેશભાઈ યુ. પ્રજાપતિ,

અપીલ નંબર :૩૬,
તા.૨=૧૧=૨૦૦૬

અરજદાર : ડો.સરોશ શામ ભકકા
સામાવાળા : કાર્યપાલક ઈજનેરશ્રી,અઠવાઝોન.

તારીખઃ -૧૨-૨૦૦૬.

## હુકમ :–

વિષય : રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ ડો. સરોશ શામ ભકકાની તા.૨–૧૧–'૦૬ની અપીલ અરજી.

અરજદારશ્રી ડો.સરોશ શામ ભકકાની તા.૨૩–૬–૨૦૦૬ના રોજની અરજી બાબતે કાર્યપાલક ઈજનેરશ્રી (અઠવા ઝોન) તરફથી તા.૨૪–૭–૨૦૦૬નો ઓર્ડર અધુરો અને અપૂરતો હોય જેથી મજકુર અરજદારશ્રીએ સદર બાબતે કમિશ્નરશ્રીને તા.૨૬–૭–૨૦૦૬ના રોજ અપીલ કરેલ. જે સંદર્ભે અરજદાર ધ્વારા તા.૨–૧૧–'૦૬ની અરપીલ અરજી તેમજ તા.૯–૧૧–'૦૬ના રોજ અત્રેની કચેરીને પાઠવેલ સામેલ પત્રમાં જણાવ્યા મુજબ તેઓશ્રીની તા.૨૩–૬–'૦૬ની અરજી અને તેમાં અપુરતા પુરાવા આપવા અંગે તા.૨૬–૭–'૦૬ની અપીલનો જવાબ અઠવા ઝોન કચેરીએથી મળી ગયો હોવાનું જણાવેલ. પરંતુ અરજદારની તા.૨૭–૯–'૦૬ના રોજની અરજી તેમજ તેની સાથે બિડવામાં આવેલ તેમના પત્રોમાં જણાવ્યા મુજબ ટેના.નં.૧૩એ–૧૧ –૬૮૪૧–૦–૦૦૧ અરજદારના નામે હતું.તે ખોટા દસ્તાવેજી પુરાવાની અરજી મળતા તેઓને સાંભળ્યા વગર તેમજ સંમતિ વગર નામ તબદીલ કરેલ છે.જેની સ્પષ્ટતા લાગત ઝોનમાંથી આવેલ હકીકત સાથે જણાતી નથી.

દરમ્યાનમાં અરજદાર મજકુર ધ્વારા તા.૨–૧૧–'૦૬ના રોજ કરવામાં આવેલ અપીલ અરજી તેમજ તા.૯–૧૧–'૦૬ના રોજ અત્રે પાઠવેલ પત્ર બાબતે અઠવા ઝોન ધ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તરની આધાર–પુરાવા સહિતની વિગતો અત્રે મોકલવા તેમજ ઉપરોકત મુદ્દાની તેમજ વિલંબ બાબતની સ્પષ્ટતા થવા અને તા.૨૭–૯–'૦૬ સાથે સામેલ ઉપર નિર્દિષ્ટ પત્રોની વિગતના અનુસંધાને દસ્તાવેજી પુરાવા સહિતનો સ્વયં સ્પષ્ટ પાઠવવા જોગ જવાબ તૈયાર કરી દિન–૦૩માં અત્રે મોકલવા જણાવેલ પરંતુ કોઈ વિગત અત્રે મળેલ નથી.

જયારે વિજીલન્સ અને ઈન્સ્પેકશન ઓફિસરને તા.૧૭–૧૧–'૦૬ના રોજ અનુક્રમે પત્ર નં.આરટીઆઈ સેલ/૩૬૦થી સદર બાબતે તેઓ તરફથી થયેલ તપાસનો રીપોર્ટ તે અંગેના પુરાવા–આધાર તેમજ દસ્તાવેજી પુરાવાની નકલ સહિત અત્રે મોકલવા જણાવેલ. જે સંદર્ભે તેઓશ્રી તા.૧૮–૧૧–'૦૬ના પત્ર નં.વીઆઈડી/ડીસી(પી. એન્ડ આઈ.)/૨૦થી કાર્યપાલક ઈજનેરશ્રી અઠવાઝોન ધ્વારા જરૂરી વિગતો આજદીન સુધી પ્રાપ્ત થયેલ નથી એમ જણાવેલ છે.

સદર બાબતે એપેલેટ ઓફિસર અને મ્યુ.કમિશ્નરશ્રી સમક્ષ તા.૧૧–૧૨–'૦૬ના રોજ રૂબરૂ સુનાવણી અંગે ઉપસ્થિત રહેવા અરજદાર મજકુરને જણાવતા તેઓશ્રી રૂબરૂ સુનાવણીમાં ઉપસ્થિત રહયા હતા. જયારે લાગત અઠવા ઝોન તરફથી કાર્યપાલક ઈજનેરશ્રી કે.એસ. દેસાઈ ઉપસ્થિત રહયા હતા.

૨.....

રૂબરૂ સુનાવણીમાં ડો. સરોશ ભકકાની રજૂઆત નીચે મુજબ છે.

૧. અમારા ધ્વારા લખવામાં આવેલ ત્રણ લેટરો વિષે કોઈ માહિતી આપેલ નથી.
૨. ફાઈલ નોટીંગ આપેલ નથી.
૩. વિજીલન્સ વિભાગને કરેલ અરજીનો જવાબ મળેલ નથી.
૪. ફલેટ/ટેનામેન્ટમાં અમારૂં નામ હતું તે જાણ કર્યા કે સાંભળ્યા વગર કમી કેવી રીતે કરવામાં આવ્યું તેની વિગતો આપવા જણાવેલ છે.
૫. સદર મિલકત અંગે અમારા ધ્વારા સિવીલ શ્યુટ પણ કરેલ છે.
૬. બિલ્ડરે અમારૂં નામ કમી કરી બીજુ નામ દાખલ કરવા અરજી કરી તેની તમામ માહિતી આપી નથી.

કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા થયેલ રજૂઆત નીચે મુજબ છે.

૧. બિલ્ડરે આપેલ લીસ્ટ પુરાવા મુજબ કબ્જેદાર તરીકે નામ દાખલ કરેલું.
૨. રીવીઝન આકારણી વખતે ૨૦૦૪માં બિલ્ડરે ફરી આપેલ પુરાવા મુજબ કાર્યવાહી કરવામાં આવેલી.
૩. અરજદારના માગ્યા મુજબની ખૂટતી વિગતો પુરી પાડવા જણાવેલ છે.

અરજદાર મજકુરની રજૂઆત તેમજ કાર્યપાલક ઈજનેર, અઠવા ઝોનની રજૂઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અરજદારની અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદાર તરફથી તેમની તા.૨૭-૯-'૦૬ની અરજી તથા તેની સાથે બિડવામાં આવેલ પત્રોથી માંગ્યા મુજબની ખુટતી વિગતો તાકીદે પુરી પાડવા કાર્યપાલક ઈજનેર, અઠવા ઝોનને તેમજ અરજદારના તા.૧૫-૯-'૦૬ના પત્ર અન્વયે વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર પાસેથી માંગેલ માહિતી વિજીલન્સ ઓફિસરે અત્રેની જાણ હેઠળ તાકીદે પુરી પાડવા જણાવવામાં આવે છે."

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/ ૪૦૬
તારીખ:૧૯-૧૨-૨૦૦૬.

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, અઠવા ઝોન .......જાણ તથા અમલ માટે.
(૨) વિજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસરશ્રી......જાણ તથા અમલ માટે.
(૩) ડો.સરોશ શામ ભકકા,

અપીલ અરજી નં.૩૭,
તા.૧૫-૧૧-'૦૬.

અરજદાર : શ્રી ભૂપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા
સામાવાળા : ડાયરેકટર ઓફ પ્લાનીંગ(સાઉથ ઝોન)

નં.આરટીઆઈ સેલ/ ૪૬૫
તારીખ:૨૬-૧૨-૨૦૦૬.

પ્રતિ,
શ્રી ભપેન્દ્ર ભગવાનદાસ બારડોલીયા,

વિષય : રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ આપની તા.૨૯-૬-'૦૬ની ઉધના મેઈન રોડ ઉપર આવેલ ખરવરનગર વસાહત, ટીપી સ્કીમ નં.૬ ફા.પ્લો.નં.૩૭૯ ના પ્લાન, રજા ચિઠ્ઠી, ઈમ્પેકટ ફીની વિગતો આપવા બાબત.

સંદર્ભ : આપની તા.૧૫-૧૧-'૦૬ના રોજની અપીલ અરજી નં.૩૭.

ઉપરોકત વિષયના સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આપની તા.૨૯-૬-'૦૬ની અરજીથી માંગવામાં આવેલ અંશતઃ માહિતી ડાયરેકટર ઓફ પ્લાનીંગના તા.૧૫-૭-'૦૬ના પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૩૨૨૯ થી પુરી પાડવામાં આવેલ છે તેમજ સદર મિલ્કતના મંજૂર પ્લાન તેમજ રજા ચિઠ્ઠીની નકલ ડાયરેકટર ઓફ પ્લાનીંગના પત્ર નંબર સા.ઝોન/ટેક./આ.નં. ૧૫૫૦, તા. ૧૧-૧૨-૨૦૦૬થી જણાવ્યા મુજબ આપને તા.૪-૧૨-૨૦૦૬ના રોજ પુરી પાડવામાં આવેલ છે. જેથી આપની સદર બાબતની અપીલ અંગે હવે અત્રેથી કશુ કરવાનું રહેતુ નથી જે જાણશો.

કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

DC(P)

અપીલ અરજી નં.૩૮,તા.૨૨-૧૧-'૦૬

અરજદાર : હેમંત એન. દેસાઈ.
સામાવાળા : આસી.કમિશ્નર

**હુકમ :-**

વિષય :- રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ મુજબ શ્રી હેમંત એન. દેસાઈની તા.૩-૧૦-'૦૬ની ગુજરાત રાજ્યના શ.વિ.અને શ.ગૃ.નિ.વિ.ના પત્ર નં.સમન/ ૮૧૨૦૦૪/ ૬૬૬૧/ પી, તા.૨૫-૧-'૦૫ના સંદર્ભમાં માંગેલ માહિતીની અરજી.

સંદર્ભ :- તા.૨૨-૧૧-'૦૬ના રોજની શ્રી હેમંત એન.દેસાઈની અપીલ અરજી નં.૩૮.

વિષયમાં જણાવેલ બાબત અંગે અરજદાર શ્રી હેમંત એન. દેસાઈ ધ્વારા તેમની તા.૩-૧૦-'૦૬ની અરજીથી જેમાં ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૨૫-૧-'૦૫ના પત્રનો સંદર્ભ આપી સુરત શહેરમાં કોટ વિસ્તારમાં જરી ગીલીટના ચાલતા કારખાનાઓમાં એસીડ તેમજ ઝેરી કેમીકલ્સના વપરાશની તીવ્રવાસ કરવા અંગેની રજુઆતના અનુસંધાને સેન્ટ્રલ ઝોનના પત્ર નં.૭૨, તા.૪-૨-'૦૬થી અરજદારને જવાબ પાઠવવામાં આવે. તેમ છતાં આ બાબતે વધુ કોઈ રજુઆત હોય તો તે માટે અરજદારને તા.૨૭-૧૨-'૦૬ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે રૂબરૂ રજુઆતની તક આપવામાં આવેલ. જેમાં ઉપસ્થિત રહી અરજદારે નીચે મુજબ રજુઆત કરી.

(૧) લાયસન્સ આપતા પહેલાં નાગરિકો પાસેથી વાંધા સૂચનો મંગાવવા જોઈએ.
(૨) પ્રેસનોટ આપવી જોઈએ.
(૩) મૂળ અરજીનો જવાબ આપેલો ત્યારે અપીલ બાબતના કાયદાની જોગવાઈનો ઉલ્લેખ કરેલ નથી જેથી વિલંબ થયેલ છે.

સુનાવણી સમયે સેન્ટ્રલ ઝોન ના મદદનીશ જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી જરીવાલાએ ઉપસ્થિત રહી રજુઆત કરેલ કે લાયસન્સ ફાયર વિભાગ ધ્વારા ચકાસણી કરીને આપવામાં આવે છે.

બંને પક્ષકારોની રજુઆત ધ્યાને લઈ અરજદારની મૂળ અરજીનો જવાબ જે તે સમયે જાહેર માહિતી અધિકારી ધ્વારા અપાયેલ હોય તે અંગે વધુ કાંઈ કરવાનું રહેતું નથી પરંતુ અરજદારે વિલંબથી અપીલ કરવા સબબ કરેલ રજુઆત ધ્યાને લઈ અપીલ ગ્રાહ્ય રાખી અપીલ દરમ્યાન અરજદાર ધ્વારા કરેલ રજુઆત "લાયસન્સ" આપતા પહેલાં નાગરિકો પાસેથી વાંધા સૂચનો મંગાવી "પ્રેસનોટ આપવી જોઈએ" એ બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી તેમજ ચીફ ફાયર ઓફિસર અને મદદનીશ જાહેર માહિતી અધિકારીને આ અંગેની કાયદાકીય જોગવાઈઓ તપાસી નિયમાનુસાર અરજદારને દિન-૩૦ ની સમયમર્યાદામાં પરભારે માહિતી પુરી પાડી તેની નકલ નીચે સહી કરનારને મોકલવાનો આદેશ આપવામાં આવે છે અને અપીલનો નિકાલ કરવામાં આવે છે.

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/ ૪૨૪
તારીખ :2/1/2009

પ્રતિ,
(૧) આસી.કમિશ્નરશ્રી .......જાણ તથા અમલ માટે.
(૨) ચીફ ફાયર ઓફિસરશ્રી પ્રતિ,....જાણ તથા અમલ માટે.
(૩) શ્રી હેમંતભાઈ એન. દેસાઈ

અપીલ નંબર : ૩૯,
તા.૨૨-૧૧-૨૦૦૬

અરજદાર : શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળા : આસી. કમિશ્નર

નં.આરટીઆઈસેલ/ ૩૯
તારીખ: ૭-૧૨-૨૦૦૬.

પ્રતિ,
શ્રી હેમંતભાઈ એન.દેસાઈ,
[redacted]

વિષય : રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ હેઠળ આપની તા.૨૨-૧૧-'૦૬ની અપીલ નં.૩૯ બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, આસી.કમિશ્નર(ફા.) ના પત્ર નં.CZ/S&E/૧૭૯, તા.૨૩-૧૧-'૦૬થી, ગુમાસ્તાધારા [illegible] સૂચન બાબતે આપને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. જેની નકલ સંદર્ભ અર્થે સામેલ છે. જેથી આપની અપીલ સંદર્ભે હવે કશું કરવાનું રહેતુ નથી જે જાણશો.

મ્યુ.કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

અપીલ અરજી નં.૪૦,
તા.૨૨-૧૧-'૦૬.

નં.આરટીઆઈ સેલ/ ૭૦૭
તારીખ: ૯-૧૨-૨૦૦૬.

પ્રતિ,
શ્રી હેમંતભાઈ એન. દેસાઈ

વિષય : રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ આપની તા.૧૭-૧૦-'૦૫ની અરજી.
સંદર્ભ : આપની તા.૨૨-૧૧-'૦૬ના રોજની અપીલ અરજી નં.૪૦.

ઉપરોકત વિષયના સંદર્ભ અન્વયે જણાવવાનું કે, આપની તા.૧૭-૧૦-'૦૫ની અરજીથી માંગવામાં આવેલ કયા સરકારી પરિપત્રના આધારે જરી ગીલીટના કારખાના માટે કેમીકલની પરવાનગી આપવામાં આવે છે તે અંગેની માહિતી આસી.કમિશ્નરના પત્ર નં.સે.ઝોન/આ.નં.૭૨, તા.૪-૨-'૦૬થી પુરી પાડવામાં આવેલ છે. આપની સંદર્ભિત પત્રની અપીલ અરજીમાં ઉપસ્થિત કરેલ મુદ્દો આજદીન સુધીમાં કેટલું કેમીકલ સંગ્રહ કરવામાં આવેલ છે.અને તે કયાં છે?ની વિગતો મૂળ અરજીમાં સમાવિષ્ટ નથી જેથી અપીલ દફતરે કરવામાં આવે છે.

વધુમાં તમો સદર માહિતી મેળવવા રસ ધરાવતા હોવ તો માહિતી મેળવવાના અધિકાર અધિનિયમ હેઠળ નવી અરજી કરી લાગત જાહેર માહિતી અધિકારી પાસેથી માહિતી મેળવી શકશો.

સહી/-

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

અપીલ અરજી નં.૪૧,તા.૨૨ -૧૧-'૦૬.

અરજદાર : શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળા : આસી.કમિશ્નર.

**હુકમ :-**

વિષય :- રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ મુજબ આપની તા.૨૮-૩-'૦૬ની અરજી.
સંદર્ભ :- તા.૨૨-૧૧-'૦૬ના રોજની અપીલ અરજી નં.૪૧.

અરજદાર ધ્વારા તેમની તા.૨૮-૩-'૦૬ના રોજની અરજીથી તેમણે મહાનગરપાલિકાના નાગરિક સુવિધા કેન્દ્રમાં તા.૨-૩-'૦૪ના રોજ આપેલ ફરિયાદ નં.૩૦૦/૫૨૦૦૫૩૨૩૦ અન્વયે રહેણાંક વિસ્તારમાં ચાલતા જરી મશીન તેમજ તેનાથી આસપાસના મકાનોને ધ્રુજારી બાબતની માહિતી માંગવામાં આવેલ. જેનો ઉત્તર કાર્યપાલક ઈજનેર અને મદદનીશ માહિતી અધિકારી સેંન્ટ્રલ ઝોન ધ્વારા તા.૨૫-૪-'૦૬ના રોજ આપવામાં આવેલ. જે અનુસાર લઘુ ઉદ્યોગ શ્રેણીમાં આવતા જરી મશીન ચાલુ હોવાનું જણાવેલ તેમજ સ્થળ નિરીક્ષણ દરમ્યાન મશીનને લીધે વાઈબ્રેશન થતુ ન હોવાનું જણાવવામાં આવેલ.

જેના અનુસંધાને અરજદાર ધ્વારા રહેણાંક વિસ્તારમાં જરીના કારખાના કેવી રીતે ? તેની માહિતી મળેલ ન હોવાના કારણ સબબ તા.૨૨-૧૧-'૦૬ના રોજ અપીલ કરવામાં આવેલ. અરજદાર ધ્વારા લગભગ ૭(સાત) માસના વિલંબથી કરેલ અપીલ બાબતે વ્યાજબીપણું રજૂ કરવા તા.૨૭-૧૧-'૦૬ના પત્રથી જણાવવામાં આવેલ. જેના સંદર્ભે તેમના તા.૪-૧૨-'૦૬ના પત્રથી કોઈ વ્યાજબીપણું રજૂ કરેલ ન હતું પરંતુ મૂળ અરજીમાં નહી માંગેલ આનુસાંગિક ચાર મુદ્દા રજૂ કરેલ. તેમ છતાં અરજદારને તા.૨૭-૧૨-'૦૬ના રોજ નીચે સહી કરનાર સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી રજૂઆત કરવાની તક આપવામાં આવેલ તેમજ પ્રતિપક્ષકાર જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પણ સદર દીને ઉપસ્થિત રહેવા જણાવેલ. સુનાવણીની તારીખે બંને પક્ષકારોએ ઉપસ્થિત રહી નીચે મુજબની રજુઆત કરી.

અરજદારની રજૂઆત :

(૧) અપીલમાં નવા મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવેલ છે.
(૨) બી.યુ.સી. વગર સદર મિલ્કતમાં સુવિધાઓ કઈ રીતે આપવામાં આવી.
(૩) મૂળ અરજીનો જવાબ આપેલો ત્યારે અપીલ બાબતની કાયદાની જોગવાઈનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલ નથી જેથી વિલંબ થયેલ છે.
(૪) ગૃહ ઉદ્યોગને બદલે હેવી કારખાના ચાલે છે જેથી પ્રેસનોટ આપી વાંધા મંગાવવા જોઈએ.

સદર સુનાવણીમાં કાર્યપાલક ઈજનેર, સેન્ટ્રલ ઝોન ઉપસ્થિત રહેલ અને તેઓએ નીચે મુજબની રજુઆત કરેલ.

(૧) રજાચિઠ્ઠી આપેલ છે પણ બી.યુ.સી. આપેલ નથી.

સુનાવણી દરમ્યાન અરજદારે રજૂ કરેલ વિલંબથી અપીલ કરવા સબબના કારણને ધ્યાને લઈ અપીલ ગ્રાહ્ય રાખી નીચે મુજબનો આદેશ કરવામાં આવે છે.

(૧) અરજદારને તેમની મૂળ અરજીના મુંદ્દા રહેણાંક વિસ્તારમાં કારખાના કેવી રીતે? બાબતે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોને અરજદારને દિન-૩૦માં માહિતી પુરી પાડી નીચે સહી કરનારને નકલ મોકલાવવી.
(૨) અરજદાર ધ્વારા અપીલ દરમ્યાન તેમના તા.૪-૧૨-'૦૬ના પત્રથી ઉપસ્થિત કરવામાં આવેલ નવા મુદ્દાઓ અંગે રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ હેઠળ કાયદા અને નિયમાનુસારની નવીન અરજી તરીકેની કાર્યવાહી હાથ ધરવા પત્રની નકલ જાહેર માહિતી અધિકારી અને આસી.કમિશ્નરને તબદીલ કરવામાં આવે છે.

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૨૩૦
તારીખ : ૫-૧-૦૭

પ્રતિ,
(૧) આસી.કમિશ્નરશ્રી .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રી હેમંત એન. દેસાઈ ... ...ાઈ.

અપીલ અરજી નં.૪૨,તા. ૫-૧૨-'૦૬.

અરજદાર : શ્રીમતી રેણું નિતીન હિંદુજા.
સામાવાળા : ડાયરેકટર ઓફ પ્લાનીંગ.

**હુકમ :**

વિષય :- રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ મુજબ શ્રીમતી રેણું નિતીન હિંદુજાની તા.૩-૧૦-'૦૬ની અરજીથી પ્લોટ નં.એ/૫/૩ પૈકી ઉધના ઉદ્યોગનગર સંઘના ટેનામેન્ટ નં.૨૭બી-૦૯-૦૯૦૧-૦-૦૦૪ ની આકારણી બાબતની દસ્તાવેજી માહિતી આપવા બાબત.

સંદર્ભ :- તા.૫-૧૨-'૦૬ના રોજની શ્રીમતી રેણું નિતીન હિંદુજા ની અપીલ અરજી નં.૪૨.

વિષયમાં જણાવેલ બાબત અંગે અરજદાર શ્રીમતી રેણું નિતીન હિંદુજા દ્વારા તેમની તા.૩-૧૦-'૦૬ની અરજીથી ઉકત વિષયની માહિતી પુરી પાડવા ઉધના ઝોનના જાહેર માહિતી અધિકારી અને ડાયરેકટર ઓફ પ્લાનીંગને અરજી કરવામાં આવેલ. જેનો નિયત સમયમર્યાદામાં જવાબ નહી મળતા તા.૫-૧૨-'૦૬ના રોજ અરજદાર દ્વારા અત્રે અપીલ કરવામાં આવેલ.

અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૩૯૩, તા. ૭-૧૨-'૦૬થી અપીલ બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગ પાસેથી આપવા જોગ માહિતી/પુરક વિગતો સહિત વિલંબના કારણ સાથે અત્રે મંગાવવામાં આવેલ. જેના સંદર્ભે ડાયરેકટર ઓફ પ્લાનીંગના તા.૨૨-૧૨-'૦૬ના રીપોર્ટથી અત્રે મોકલી આપેલ વિગતો જોતાં તેમના દ્વારા પત્ર નં.સા.ઝોન/અકણ/૬૨૮, તા.૨૧-૧૨-'૦૬થી અરજદારે માંગેલ માહિતી પૈકી સદર ટેનામેન્ટ ધારક દ્વારા રજુ થયેલ મિલ્કત દસ્તાવેજ સિવાયની તમામ માહિતી અરજદારને પુરી પાડેલ જણાય છે. જ્યારે મિલ્કતના દસ્તાવેજ બાબતે ત્રીજા પક્ષકારે વાંધો લીધેલ હોય કાયદાની કલમ ૮(જ) અને ૧૧ હેઠળ માહિતી આપવાનો ઈન્કાર કરવામાં આવેલ છે.

ઉપરોકત વિગતો જોતાં ડાયરેકટર ઓફ પ્લાનીંગ દ્વારા અરજદારને અપવાદ સિવાયની માહિતી પુરી પાડવમાં આવેલ છે. તથા નહી પુરી પાડેલ માહિતી ત્રીજા પક્ષકારનો મિલ્કતનો દસ્તાવેજ કાયદા દ્વારા જોગવાઈ કરેલ અપવાદ હેઠળ આવતી હોય જાહેર માહિતી અધિકારી દ્વારા આ અંગે લેવામાં આવેલ નિર્ણયને બહાલ રાખવામાં આવે છે. આમ, હવે અપીલ બાબતે અત્રેની કક્ષાએથી કંઈ કરવાનું રહેતું ન હોય અરજદારને પુરી પાડેલ માહિતી ધ્યાને લઈ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

માહિતી અધિકારી અધિનિયમ-૨૦૦૫ની કલમ ૧૯(૩) હેઠળ હુકમની નારાજગીના કિસ્સામાં આ હુકમ થયાના ૯૦ દિવસમાં અરજદાર રાજય જાહેર માહિતી આયોગને બીજી અપીલ કરવા હકકદાર છે.

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/ ૪૨૨
તારીખ : ૨/૧/૨૦૦૭

પ્રતિ,
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ .......જાણ તથા અમલ માટે.
(૨) શ્રીમતી રેણું નિતીન હિંદુજા

અપીલ અરજી નં.૪૩,
તારીખ:૫-૧૨-'૦૬.

અરજદાર : શ્રીમતી રેણુ નિતીન હિંદુજા
સામાવાળા : ડાયરેકટર ઓફ પ્લાનીંગ, સા.ઝોન.

નં.આરટીઆઈ સેલ/ ૭૨૯
તારીખ: ૫-૧-૨૦૦૭.

પ્રતિ,
શ્રીમતી રેણુ નિતિન હિંદુજા,
[redacted]

વિષય :- આપની તા.૩-૧૦-'૦૬ની ગુરૂકૃપા બિલ્ડીંગમાં માર્જીનની જમીનમાં ગેરકાયદેસર બાંધકામની અરજી.
સંદર્ભ :- આપની તા.૫-૧૨-'૦૬ની અપીલ અરજી નં.૪૩.

સંદર્ભમાં જણાવેલ આપની તા.૫-૧૨-'૦૬ની અપીલ અરજી જાહેર માહિતી અધિકારી સાઉથ ઝોનને તા.૩-૧૦-'૦૬ના રોજ કરવામાં આવેલ આપની નમૂના "ક" હેઠળની અરજી બાબતે છે. જે અરજીમાં આપની તા.૩-૮-'૦૬ના રોજની અરજીથી માંગેલ માહિતી "ટેનામેન્ટ નં.૨૭બી-૦૯-૦૯૧૨-૦-૦૦૧" ની મિલ્કત સંબંધે રીપેરીંગની મંજુરી આપવા બાબતની છે જેને આપે તા.૩-૧૦-'૦૬ની અરજીથી પ્લોટ નં.એ/૫/૩ ગુરૂકૃપા બિલ્ડીંગમાં આવેલ માર્જીનની જગ્યામાં ગેરકાયદે બાંધકામ તરીકે વર્ણવેલ છે.

આ અંગે જાહેર માહિતી અધિકારી અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ ધ્વારા તેમના પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૮૮૯૬ તા.૨૧-૧૨-'૦૬થી અત્રે મોકલેલ વિગત અનુસાર સદર મિલ્કત બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગ ધ્વારા આપને પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર પત્ર નં.સા.ઝોન/ટેક./૫૯૫૨, તા.૨-૧૧-'૦૬માં જણાવેલ વિગત તેમાં નિર્દીષ્ટ જોગવાઈ અનુસાર જ છે જેની નકલ જેતે સમયે આપને પાઠવવામાં આવેલ છે જ. તેમ છતાં સંદર્ભ સારૂં આ સાથે સામેલ છે.

આમ, આપની અપીલ અરજી બાબતે જાહેર માહિતી અધિકારી અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ ધ્વારા પાઠવવામાં આવેલ જવાબ યથાવત રહેતો હોય તે બહાલ રાખી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

નકલ સ.ર. ડાયરેકટર સાહેબ(ટા.પ્લા.) પ્રતિ... જાણ માટે

અપીલ અરજી નં.૪૪,તા. ૪ –૧૨–'૦૬.

નં.આરટીઆઈ સેલ/૪૨૩
તારીખ: ૨/૧/૨૦૦૭.

**અરજદાર : શ્રીમતી રેણું નિતીન હિંદુજા**
**સામાવાળા : ડાયરેક્ટર ઓફ પ્લાનીંગ**

**પ્રતિ,**
શ્રીમતી રેણું નિતીન હિંદુજા
[redacted]

વિષય :– આપની તા.૩–૧૦–'૦૬ની ઉધના ઉદ્યોગનગર સહકારી સંઘ વસાહતમાં પ્લોટ નં.એ/૫/૩ની મિલ્કતના પાડવામા આવેલ ફોટાની વિગત પુરી પાડવા બાબતની અરજી.
સંદર્ભ :– આપની તા.૪–૧૨–'૦૬ની અપીલ અરજી.

આપની વિષયમાં જણાવેલ અપીલ બાબતે જણાવવાનું કે, ડાયરેક્ટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી સાઉથ ઝોન તરફથી તેમના પત્ર નં. સા.ઝોન/ટેક./નં.૮૯૭૪, તા.૨૬–૧૨–'૦૬થી આપના દ્વારા માંગવામાં આવેલ માહિતી બાબતે પુરી પાડવામાં આવેલ વિગતો નીચે મુજબ છે.

(૧) મુદ્દા નં.૧ અન્વયે જણાવવાનું કે, તમો અપીલ કરનાર અરજદારની તા.૧૪–૧૧–'૦૫ની કરેલ રજુઆત "તમારી જગ્યામાં જવા આવવાનો રસ્તો ગુરૂકૃપા ઈમારતની દક્ષિણે આવેલ રસુકી માર્જીનની જગ્યામાં થઈને છે." ના અનુસંધાને હકીકતની ખરાઈ કરવાના હેતુથી આ ફોટોગ્રાફ્સ લેવડાવવામાં આવેલ હતા અને તે મહાનગરપાલિકાના દફતરે રાખેલ છે.

(૨) મુદ્દા નં.૨ અન્વયે જણાવવાનું કે, અપીલ કરનાર અરજદારની તા.૧૪–૧૧–'૦૫ની અરજીના અનુસંધાને ફોટોગ્રાફ્સ લેવડાવવામાં આવેલ આ બાબતે અરજદારશ્રી તથા તેમના પતિ શ્રી નિતિન હિંદુજાની સામે કોઈ ફરિયાદના આધારે ફોટા પાડવામાં આવેલ નથી જેથી તેવી ફરિયાદ કે રજુઆતની નકલ આપવાનો પ્રશ્ન રહેતો નથી.

(૩) મુદ્દા નં.૩ અન્વયે જણાવવાનું કે, આપની (અરજદારની) વિરૂધ્ધમાં અત્રેની કચેરીને મળેલ ફરિયાદની નકલ "માહિતી અધિકાર–૨૦૦૫" ના કાયદાની કલમ ૮–(જ) (૬૭) મુજબ આપી શકાય તેમ નથી. જ્યારે આવી અરજી બાબતે આપની સામે જે પણ કોઈ કાર્યવાહી થવા પાત્ર થશે તે સમયે "કુદરતી ન્યાયના સિધ્ધાંત અનુસાર" સબંધિત મુદ્દાઓ પરત્વે આપની પૂછપરછ/ખુલાસો કરવામાં આવશે.

આમ, આપની તા.૩–૧૦–'૦૬ની જાહેર માહિતી અધિકારીને કરવામાં આવેલ અરજી સામે તેમના દ્વારા તા.૩–૧૧–'૦૬ના રોજ પુરી પાડવામાં આવેલ અધુરી માહિતી બાબતે આપની તા.૪–૧૨–'૦૬ની અપીલના અનુસંધાને ઉપરની વિગતે આપને માહિતી પુરી પાડી અપીલનો નિકાલ કરવામાં આવેલ છે.

માહિતી અધિકારી અધિનિયમ–૨૦૦૫ની કલમ ૧૯(૩) હેઠળ હુકમની નારાજગીના કિસ્સામાં આ હુકમ થયાના ૯૦ દિવસમાં આપ રાજ્ય જાહેર માહિતી આયોગને બીજી અપીલ કરવા હક્કદાર છો.

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

અપીલ અરજી નં. ૬૫
તારીખ: ૧૮-૧૨-૨૦૦૬

અરજદાર : શ્રી પુરુષોત્તમ નાગજીભાઈ પરમાર
સામાવાળા : ડાયરેકટર ઓફ પ્લાનીંગ

હુકમ :

શ્રી પુરુસોત્તમ નાગજીભાઈ પરમારની તા.૧૦-૧૧-'૦૬ની બમરોલી રે.સ.નં.૧૧૮ બ્લોક નં.૧૭૭ના ગેરકાયદેસર બાંધકામની અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/આ.નં.૮૩૧૮, તા.૧૨-૧૨-૦૬ થી પત્રમાં નિર્દિષ્ટ પ્લોટ અને સબપ્લોટ પૈકીની મિલકતોમાંના ગેરકાયદેસર બાંધકામનું તા.૨૩-૬-૦૬ તેમજ તા.૨૯-૧૧-૦૬નારોજ ડિમોલીશન કરવામાં આવેલ હોવાનું જણાવતો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. જે અંગે સમયમર્યાદામાં તેમજ સાચો જવાબ આપેલ ન હોય અરજદાર મજકુર ધ્વારા તા.૧૮-૧૨-'૦૬ના રોજ એપેલેટ ઓફિસર અને મ્યુ.કમિશ્નરશ્રીને અપીલ કરવામાં આવેલ જેના સંદર્ભે સમગ્ર માહિતી તે અંગે આપવા પાત્ર રહેતી નોંધ વિભાગ સહીતની પૂરક વિગતોની તમામ માહિતી વિલંબ થવાના કારણસહ લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહિત પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૪૧૬, તા.૨૮-૧૨-૦૬થી જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/આ.નં. ૯૫૯૮, તા.૧૭-૧-૦૭ થી વિગતો મોકલવામાં આવેલ

અરજદાર મજકુરને તેમજ જાહેર માહિતી અધિકારીને તા.૨૩-૧-૦૭ના રોજ રૂબરૂ સુનાવણી માટે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવેલ જેમા અરજદાર ઉપસ્થિત રહયા ન હતાં. જયારે જાહેર માહિતી અધિકારી અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ ઉપસ્થિત રહેલ.

ડાયરેકટર ઓફ પ્લાનીંગ ધ્વારા મોકલવામાં આવેલી વિગતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારને કાયદાની કલમ-૭ની સાથે આંનુષંગિક નિયમો સહિતની જોગવાઈને અનુલક્ષી અરજદારે માંગેલ માહિતી મુદ્દાસર સત્વરે પુરી પાડી તેની જાણ અત્રે કરવા જણાવવામાં આવે છે."

નં.આરટીઆઈ સેલ/૪૭૮
તારીખ૨૪-૧-૨૦૦૭.

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા.

પ્રતિ,
૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રી.
૨) શ્રી પુરુષોત્તમ નાગજીભાઈ પરમાર,

અપીલ અરજી નં. ૪૬
તારીખઃ ૧૮–૧૨–૨૦૦૬

અરજદાર : શ્રી શૈલેષ દેવજીભાઈ પટેલ
સામાવાળા : ડાયરેકટર ઓફ પ્લાનીંગ

હુકમ :

શ્રી શૈલેષ દેવજીભાઈ પટેલની તા.૧૫–૧૧–'૦૬ની બમરોલી રે.સ.નં.૧૧૮ બ્લોક નં.૧૭૭ના ગેરકાયદેસર બાંધકામની અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/આ.નં.૮૬૧૫, તા.૧૨–૧૨–૦૬ થી પત્રમાં નિર્દિષ્ટ પ્લોટ અને સબપ્લોટ પૈકીની મિલ્કતોમાંના ગેરકાયદેસર બાંધકામનું તા.૨૩–૬–૦૬ તેમજ તા.૨૯–૧૧–૦૬નારોજ ડિમોલીશન કરવામાં આવેલ હોવાનું જણાવતો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. જે અંગે સમયમર્યાદામાં તેમજ સાચો જવાબ આપેલ ન હોય અરજદાર મજકુર ધ્વારા તા.૧૮–૧૨–'૦૬ના રોજ એપેલેટ ઓફિસર અને મ્યુ.કમિશ્નરશ્રીને અપીલ કરવામાં આવેલ જેના સંદર્ભે સમગ્ર માહિતી તે અંગે આપવા પાત્ર રહેતી નોંધ વિભાગ સહીતની પૂરક વિગતોની તમામ માહિતી વિલંબ થવાના કારણસહ લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહિત પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૪૧૮, તા.૨૮–૧૨–૦૬થી જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/આ.નં. ૯૪૫૬, તા.૧૧–૧–૦૭ થી વિગતો મોકલવામાં આવેલ

અરજદાર મજકુરને તેમજ જાહેર માહિતી અધિકારીને તા.૨૩–૧–૦૭ના રોજ રૂબરૂ સુનાવણી માટે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવેલ જેમા અરજદાર ઉપસ્થિત રહયા ન હતાં. જયારે જાહેર માહિતી અધિકારી અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ ઉપસ્થિત રહેલ.

ડાયરેકટર ઓફ પ્લાનીંગ ધ્વારા મોકલવામાં આવેલી વિગતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારને કાયદાની કલમ–૭ની સાથે આંનુષંગિક નિયમો સહિતની જોગવાઈને અનુલક્ષી અરજદારે માંગેલ માહિતી મુદ્દાસર સત્વરે પુરી પાડી તેની જાણ અત્રે કરવા જણાવવામાં આવે છે."

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા.

નં.આરટીઆઈ સેલ/૪૭૭
તારીખ૨૪–૧–૨૦૦૭.

પ્રતિ,
૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રી.
૨) શ્રી શૈલેષ દેવજીભાઈ પટેલ

અપીલ અરજી નં. ૪૭
તારીખ: ૧૮-૧૨-૨૦૦૬

અરજદાર : શ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલ
સામાવાળા : ડાયરેકટર ઓફ પ્લાનીંગ

હુકમ :

શ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલની તા.૧-૧૧-'૦૬ની બમરોલી રે.સ.નં.૧૧૮ બ્લોક નં.૧૭૭ના ગેરકાયદેસર બાંધકામની અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/આ.નં.૮૫૧૫, તા.૧૨-૧૨-૦૬ થી પત્રમાં નિર્દિષ્ટ પ્લોટ અને સબપ્લોટ પૈકીની મિલ્કતોમાંના ગેરકાયદેસર બાંધકામનું તા.૨૩-૬-૦૬ તેમજ તા.૨૯-૧૧-૦૬નારોજ ડિમોલીશન કરવામાં આવેલ હોવાનું જણાવતો પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. જે અંગે સમયમર્યાદામાં તેમજ સાચો જવાબ આપેલ ન હોય અરજદાર મજકુર ધ્વારા તા.૧૮-૧૨-'૦૬ના રોજ એપેલેટ ઓફિસર અને મ્યુ.કમિશ્નરશ્રીને અપીલ કરવામાં આવેલ જેના સંદર્ભે સમગ્ર માહિતી તે અંગે આપવા પાત્ર રહેતી નોંધ વિભાગ સહીતની પૂરક વિગતોની તમામ માહિતી વિલંબ થવાના કારણસહ લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહિત પહોંચતી કરવા પત્ર નં. આરટીઆઈ સેલ/૪૧૭, તા.૨૮-૧૨-૦૬થી જણાવવામાં આવેલ. જે સંદર્ભે તેઓ તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/આ.નં. ૯૪૫૭, તા.૧૧-૧-૦૭ થી વિગતો મોકલવામાં આવેલ

અરજદાર મજકૂરને તેમજ જાહેર માહિતી અધિકારીને તા.૨૩-૧-૦૭ના રોજ રૂબરૂ સુનાવણી માટે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવેલ જેમા અરજદાર ઉપસ્થિત રહયા ન હતાં. જયારે જાહેર માહિતી અધિકારી અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ ઉપસ્થિત રહેલ.

ડાયરેકટર ઓફ પ્લાનીંગ ધ્વારા મોકલવામાં આવેલી વિગતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારને કાયદાની કલમ-૭ની સાથે આનુષંગિક નિયમો સહિતની જોગવાઈને અનુલક્ષી અરજદારે માંગેલ માહિતી મુદ્દાસર સત્વરે પુરી પાડી તેની જાણ અત્રે કરવા જણાવવામાં આવે છે."

નં.આરટીઆઈ સેલ/ ૪૭૬
તારીખ:૨૪-૧-૨૦૦૭.

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા.

પ્રતિ,
૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રી.
૨) શ્રી પ્રવિણભાઈ પ્રેમાભાઈ પટેલ

અપીલ નં. ૪૮,
તારીખ : ૨૬-૧૨-૨૦૦૬

અરજદાર : શ્રી વિજય એન. શેણમારે
સામાવાળા : આસી.કમિશ્નર(ફા.)

નં.આરટીઆઈસેલ/ ૪૭૩
તારીખ:૨૩-૧-૨૦૦૭.

પ્રતિ,
શ્રી વિજય એન. શેણમારે,

<u>વિષય</u> : રાઈટ ટુ ઈન્ફરમેશન એકટ હેઠળ આપની તા.૧૩-૧૧-૨૦૦૬ની મનપામાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓના નામ, નંબર વિગેરેની કોમ્પ્યુટર સીડી/ફ્લોપી આપવા બાબત.

સંદર્ભ : આપની તા.૨૬-૧૨-૨૦૦૬ની અપીલ અરજી નં.૪૮.

ઉપરોકત વિષય સંદર્ભમાં જણાવવાનું કે આપે માંગ્યા મુજબની માહિતી ઈ.ચા.મુખ્ય હિસાબનીશ અને મદદનીશ જાહેર માહિતી અધિકારીના પત્ર નં. એકા./એસઆર/૬૫૩૪, તા.૧૮-૧-૨૦૦૭ થી તા. ૧૯-૧-૨૦૦૭ના રોજ પુરી પાડવામાં આવેલ હોય આ તબકકે આપની અપીલ અંગે હવે અત્રેથી કશુ કરવાનું રહેતું નથી. તેમ છતાં મળેલ માહિતીથી આપને સંતોષ ન હોય તો પત્ર મળ્યાના દિન-૭માં લેખીત રજૂઆત કરવા જણાવવામાં આવે છે. અન્યથા મુદ્દત પૂર્ણ થયે આપની અરજીનો નિકાલ થયેલ ગણવામાં આવશે.

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા.

અપીલ અરજી નં. ૪૯
તારીખ: ૨૭-૧૨-૨૦૦૬

અરજદાર : શ્રી મયુર બી. જરીવાળા
સામાવાળા : આસી.કમિશ્નર

હુકમ :

શ્રી મયુર બી. જરીવાળા ની તા.૨૪-૭-'૦૬ની ૪/૪૭૨ની મિલ્કતનું સ્ટેબીલીટી સર્ટીફિકેટ માંગવા તેમજ મિલ્કતમાં ટવીસ્ટીંગ મશીન ચલાવવાના કારણે આજુબાજુની મિલ્કતમાં ધ્રુજારી આવે છે તે અંગે માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જેનો આજદીન સુધી કોઈ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ ન હોય તેમજ માહિતી પુરી પાડવમાં આવેલ ન હોય અરજદાર મજકુર ધ્વારા તા.૨૭-૧૨-'૦૬ના રોજ એપેલેટ ઓફિસર અને મ્યુ.કમિશ્નરશ્રીને અપીલ કરવામાં આવેલ

જેના સંદર્ભે અપીલ અંગે મ્યુ.કમિશ્નરશ્રી સમક્ષ સમગ્ર માહિતી બાબતની રજૂઆત કરવાની રહેતી હોવાથી અરજદારની મૂળ અરજીના સંદર્ભે તેઓ ધ્વારા માંગવામાં આવેલ નકલો અંગે આપવા પાત્ર રહેતી નોંધ વિભાગ સહીતની પૂરક વિગતો માહિતી નહી પુરી પાડવા અંગેની સ્પષ્ટતાસહ લાગત કિસ્સામાં પ્રમાણિત નકલ સહિત ભરેલ અરજી ફી ની વિગત સાથે પહોંચતી કરવા અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૪૨૭, તા.૩-૧-'૦૭થી આસી.કમિશ્નરને જણાવવામાં આવેલ. જેના સંદર્ભે તેઓશ્રી તરફથી અત્રે કોઈ માહિતી કે અરજદારને પાઠવેલ જવાબની નકલ મોકલવામાં આવેલ નથી.

અરજદારને તેમજ લાગત જાહેર માહિતી અધિકારી અને આસી.કમિશ્નરને રૂબરૂ રજૂઆત અંગે સુનાવણી માટે તા.૨૩-૧-૦૭ના રોજ ઉપસ્થિત રહેવા જણાવવામાં આવેલ જેમાં અરજદાર ઉપસ્થિત રહયા ન હતાં જયારે સેન્ટલ ઝોન તરફે કાર્યપાલક ઈજનેર અને મદદનીશ જાહેર માહિતી અધિકારી ઉપસ્થિત રહયાં હતાં.

અરજદારની મુળ અરજી તેમજ અપીલ અરજીની વિગતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની અરજીનાં મુદ્દાઓ સંદર્ભે સંલગ્ન સક્ષમસત્તા સાથે પરામર્શ કરી કાયદા અને નિયમની જોગવાઈ અનુલક્ષીને અરજદારને સત્વરે મુદ્દાસર માહિતી પુરી પાડી તેની જાણ અત્રે કરવા લાગત જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈ સેલ/ ૪૭૫
તારીખ:૨૪-૧-૨૦૦૭.

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા.

પ્રતિ,
૧) આસી.કમિશ્નરશ્રી.
૨) શ્રી મયુર બી. જરીવાલા,

અપીલ અરજી નં. ૫૦/૦૬
તા.૨૮-૧૨-૨૦૦૬

અરજદાર : શ્રી અનિલ ડી. પુરોહીત
સામાવાળા : ડે.કમિશ્નર(હે. અને હો.)

હુકમ :

શ્રી અનિલ ડી. પુરોહીત દ્વારા તા.૩-૬-'૦૬ની જૂન-૦૫ થી માર્ચ-૦૬ સુધી ૪૦ સેન્ટરની જીવન
જરૂરીયાતની સામગ્રીની દૈનિક તેમજ માસિક વપરાશ અંગે માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જે સંદર્ભે
નાયબ કલેકટર મધ્યાહન ભોજન યોજના દ્વારા તા.૪-૫-'૦૬, ૩૧-૫-'૦૬,૧૪-૬-'૦૬,૨-૮-'૦૬
તેમજ ૨૭-૧૨-'૦૬ના રોજ પત્ર લખી દસ્તાવેજ ફીના રૂ.૬૪૦૦/- ભરી જવા જણાવેલ. જે અંગે
અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ ન હોય અરજદાર મજકુર દ્વારા તા.૨૮-૧૨-'૦૬ના રોજ
એપેલેટ ઓફિસર અને મ્યુ.કમિશ્નરશ્રીને અપીલ કરેલ છે. જે અંગે મૂળ અરજીના સંદર્ભે પૂરક વિગતો
સહીત માહિતી અત્રે પુરી પાડવા શાસનાધિકારીશ્રીને પત્ર નં.આરટીઆઈ સેલ/૪૨૬, તા.૩-૧-'૦૭થી
જણાવવામાં આવેલ. જેના સંદર્ભે તેઓશ્રી તરફથી તા.૧૦-૧-'૦૭ના રોજ અત્રે માહિતી મોકલવામાં આવેલ.
જેમાં અરજદારને રૂા.૬૪૦૦/-ની રકમ ફી પેટે ભરવા જણાવવામાં આવેલ.

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ મધ્યાહન ભોજનાના નાયબ કલેકટર દ્વારા અત્રે
મોકલવામાં આવેલ માહિતી ધ્યાને લેતાં અરજદારે અપીલ અરજીમાં હાથેથી લખીને માહિતી આપવાનો
આગ્રહ રાખવાનું જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

"મહાનગરપાલિકાના મધ્યાહન ભોજન યોજના વિભાગ દ્વારા ઉપરોકત બાબતે નિભાવવામાં આવતાં
દફતર પરથી એકત્રિત નમુનામાં સંક્ષિપ્ત ધોરણે કાયદા અને જોગવાઈ અનુસાર માહિતી પુરી પાડવા અને તે
અંગેની જાણ અત્રે કરવા જાહેર માહિતી અધિકારી અને ડે.કમિશ્નર(હે. અને હો.)ને જણાવવામાં આવે છે."

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

આરટીઆઈ સેલ/૪૦૭
તારીખ : ૬-૨-૨૦૦૭

પ્રતિ,
૧) ડે.કમિશ્નરશ્રી(હે. અને હો.), ..... જાણ તથા અમલ માટે.
૨) નાયબ કલેકટર, મધ્યાહન ભોજન યોજના, મહાનગરપાલિકા, ..... જાણ તથા અમલ માટે.
૩) શ્રી અનિલ ડી. પુરોહીત,